પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૫, અંકઃ૧૩, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૭-૦૯-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 11 PRICE :-RS. 1.50 DATE : 07-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યું મોટું નિવેદન

## હવે ગુજરાતમાં ધો-૧ થી ૫ ના ઑફલાઈન વર્ગોની તૈયારી

ગાંધીનગર,

કોરોનાના કારણે દેશ-વિદેશમાં વિદ્યાર્થીઓને સૌથી મોટું નુકશાન થઈ રહ્યું હતું. કારણે કે વિદ્યાર્થી વર્ગ એટલે આવનાર સમયનું ભવિષ્ય, જેનો પાયો આ સમયમાં પાકો થાય તેવા વિદ્યાર્થીઓનું ભવિષ્ય કરિયર ખરાબ થાય તે કોઈપણ દેશ કે રાજ્ય સરકાર ન વિચારી શકે તેને ધ્યાને લઈ તમામ દેશો પોત-પોતાના દેશ અને રાજ્યમાં



ધીમે ધીમે કોરોના ગાઈડલાઈન પ્રમાણે શાળા- કોલેજો ખુલી રહ્યા છે તેમાં ગુજરાતમાં પણ પહેલા કોલેજો ત્યારબાદ ધો.૧૦ થી ૧૨ અને પછી ધો.૬ થી ૯ના વર્ગોની શાળાઓ ઓફલાઈન શરૂ કર્યા બાદ હવે ગુજરાત રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા એવું કહેવામાં આવ્યું છે કે, ગુજરાતમાં ધો.૧થી ૫ના વર્ગો પણ ઓફલાઈન શરૂ કરવાની તૈયારીઓ ચાલુ છે. ગુજરાતમાં કોરોનાની બીજી લહેરની અસર લગભગ ખતમ થઈ રહી છે, ત્યારે સરકાર દ્વારા પણ કેટલીક છૂટછાટો અપાઈ રહી છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તબક્કાવાર સ્કૂલો શરૂ કરવામાં આવી રહી છે, ત્યારે આજે ધોરણ ૧ થી ૫ના ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મોટું નિવેદન આપ્યું છે. કેવડિયા ખાતે શુરપાણેશ્વર મહાદેવની પૂજા કરવા આવેલા શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, ગુજરાતમાં પહેલા કોલેજ પછી ધોરણ ૧૦ થી ૧૨ અને ગત અઠવાડિયે ધોરણ ૬ થી ૮ના ઑફલાઈન વર્ગો શરૂ કરવામાં સરકાર સફળ રહી છે. વાલીઓ પણ પોતાના બાળકોને સ્કૂલોમાં મોકલી રહ્યાં છે અને શિક્ષકો પણ ઉત્સાહિત થઈને વિદ્યાર્થીઓને ભણાવી રહ્યાં છે. એવામાં ટૂંક સમયમાં કોર કમિટીની બેઠક બોલાવવામાં આવશે. આ બેઠકમાં આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિદોની સલાહ બાદ ધોરણ ૧ થી ૫ની પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવી શકે છે. આથી અમે હવે પછીના તબક્કામાં ધોરણ ૧ થી ૫ના ઑફલાઈન વર્ગો શરૂ કરવાનું વિચારી રહ્યાં છીએ. નર્મદા ડેમમાં પાણીના જથ્થા અંગે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, નર્મદા ડેમમાં પાણીનો જથ્થો પુરતો છે. તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે નર્મદા ડેમ ભરાઈ જાય, જેથી રાજ્યમાં પીવાના પાણીની કોઈને તકલીફ ના પડે. જણાવી દઈએ કે, ગત ૨ સપ્ટેમ્બરથી રાજ્યભરમાં ધોરણ ૬ થી ૮ માટે સ્કૂલો ફરીથી શરૂ કરવામાં આવી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી SOPનું પાલન કરતાં સ્કૂલોમાં ઑફલાઈન વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અને માસ્ક પહેરવું ફરજિયાત છે. અગાઉ ધોરણ ૯ થી ૧૧ના ઑફલાઈન વર્ગો ૨૬ જુલાઈથી શરૂ કરી દેવામાં આવ્યા હતા. આ દરમિયાન સરકારે કહ્યું હતું કે, જે વિદ્યાર્થીઓ ઑફ લાઈન કલાસ એટેન્ડ કરવા માંગતા હોય, તેમણે પોતાના માતા-પિતા પાસેથી સહમતિ પત્ર લઈને સ્કૂલમાં આવવું પડશે. આ સાથે જ સ્કૂલમાં આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ ટકાથી વધુ ના હોવી જોઈએ.

## ગાંધીનગર અને રાજકોટમાં વધુ બે ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજુર

ગાંધીનગર,

કેન્દ્ર સરકારશ્રી દ્વારા પણ સ્માર્ટ સીટીની આ ટી.પી. ના વિકાસ અર્થે ઘણી મોટી ગ્રાંટની ફાળવણી કરવામાં આવતી હોવાથી આ ટી.પી.સ્કીમ એક અતુલ્ય નજરાણું બની રહેશે. સ્માર્ટ સીટીની સદર સ્કીમમાં ઘણાં પહોળા રસ્તાઓનું આયોજન કરાયેલ છે. જેમાં ૨૪.૦૦ મીટર, ૩૬.૦૦ મીટર, ૪૫.૦૦ મીટરથી ૬૦.૦૦ મીટર સુધીનું રસ્તાકીય માળખુ સુચિત છે. વધુમાં આ ટી.પી.માં સામાજિક માળખાગત સુવિધાઓ માટે આશરે ૪,૦૮,૫૫૧ ચો.મી. પ્લોટ, સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના રહેણાક માટે ૧,૨૬,૫૬૫ ચો.મી. ના પ્લોટ તથા ખુલ્લી જગ્યા, બગીચા માટેના આશરે ૧,૭૬,૨૨૧ ચો.મી. ના પ્લોટ તથા વેચાણના હેતુ માટે ૧,૩૯,૬૦૪ ચો.મી. જમીન સંપ્રાપ્ત થશે. ગુજરાત ના મુખ્યમંત્રી વિજય રૂપાણી એ સુઆયોજિત નગર આયોજનની દિશામાં આગળ વધતા વધુ બે ટાઉન પ્લાનીંગ સ્કીમને મંજુરી આપી છે. જેમાં ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (ગુડા) ની ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨૬ (વાસણા-હડમતિયા-ઉવારસદ-વાવોલ) ની આશરે ૧૦૦ હેકટર્સ વિસ્તારની ટી.પી.ને મંજુરી આપી છે. આ ટી.પી. થવાથી વિકાસની વ્યાપક તકો વધશે કારણકે ગાંધીનગર શહેરના વિકાસ આયોજનને આગળ વધારતા પહોળા રસ્તાઓ સુચવવામાં આવ્યા છે. ગુડાની આ ટી.પી.થી જાહેર સુવિધા માટે આશરે ૩૨,૧૮૭ ચો.મી. જમીન, બાગ બગીચા અને ખુલ્લી જગ્યા માટે ૩૪,૭૩૮ ચો.મી. તથા સ્કુલ માટે ૧૨૯૬૫ ચો.મી. જમીન ઉપરાંત સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોના રહેઠાણ માટે ૧૨,૭૪૬ ચો.મી. જમીન પ્રાપ્ત થશે. આ ઉપરાંત આંતરમાળખાકીય સ્વલતોને પહોંચી વળવા માટે વેચાણના હેતુ માટે પણ આશરે ૮૧,૧૨૧ ચો.મી. જેટલા પ્લોટો સંપ્રાપ્ત થશે. આમ ગુડા દ્વારા મંજુરી અર્થે થયેલ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૫ ને અગાઉ મંજુરી બાદ હવે આ ટી.પી.સ્કીમ નં. ૨૬ ને ખુબ જ ટુંકા સમયમાં સરકારની મંજુરી મળી ગઈ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એ આ ઉપરાંત રાજકોટ શહેરની સ્માર્ટ સીટીની પ્રિલીમીનરી ટી.પી.સ્કીમ નં. ૩૨ (રૈયા) ને પણ મંજુરી આપી છે. સપ્ટેમ્બર-૨૦૧૮ માં જ મંજુર કરાયેલ આશરે ૩૬૭.૦૦ હેક્ટર્સનું વિશાળ ક્ષેત્રફળ ધરાવતી આ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમની પ્રારંભિક યોજનાને પણ તેમણે મંજુરી આપતા રાજકોટમાં નવા રેસકોર્સ વિસ્તાર તરીકે પ્રસિધ્ધ સ્માર્ટ સીટીની આ સ્કીમમાં વિકાસની વિપુલ તકો ઉભી થયેલ છે.

## ગાંધીનગર મનપાની ૪૪ બેઠકો માટે ૩ ઓક્ટોબરે મતદાન : ૫મી તારીખે પરિણામ

ગાંધીનગર મહાનગર પાલિકાના ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર મતદાન થશે. આ સિવાય ઓખા અને થરા નગર પાલિકાની પણ ચૂંટણી યોજાશે. જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૩ બેઠકો પર પણ ચૂંટણી યોજાશે. જ્યારે ૭ જિલ્લા પંચાયતની ૮ બેઠકો અને તાલુકા પંચાયતની ૨૦ બેઠકો પર પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર ચૂંટણી યોજાશે. આ સિવાય અમદાવાદ મહાનગર પાલિકાની ૩ બેઠકો, ૭ જિલ્લા પંચાયતો અને ૨૦ તાલુકા પંચાયતની બેઠકો પર પેટાચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં કોવિડ ગાઈડલાઈન્સના નિયમોના આધારે મતદાન કરવામાં આવશે. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામશે.ગુજરાતમાં કોરોનાની બીજી લહેરના કહેરને ધ્યાનમાં રાખીને મોકૂફ રાખવામાં આવેલી ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. આગામી ૩ ઑક્ટોબરે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી યોજાશે, જ્યારે તેનું પરિણામ ૫ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. આ અંગે ગુજરાતના ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જણાવ્યું કે, આગામી ૧૩ સપ્ટેમ્બરે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીને લઈને જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે ૧૮ સપ્ટેમ્બર ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ રહેશે. જ્યારે ૩ ઑક્ટોબરે મનપા ચૂંટણી માટે મતદાન કરવામાં આવશે અને ૫ ઓક્ટોબરે મત ગણતરી હાથ ધરવામાં આવશે.

## તાલિબાની નેતા મુલ્લા બરાદરની મુલાકાત માટે પહોંચ્યા UNના અધિકારીઓ

કાબુલ,

અફઘાનિસ્તાનમાંથી સેંકડો લોકોને અન્ય દેશોમાં લઈ જવાનો પ્રયાસ કરતા તાલિબાને ઓછામાં ઓછા ચાર ખાનગી વિમાનોને ઉડતા અટકાવ્યા હતા. આ વિમાનોને ઉડ્ડયનથી રોકવામાં આવ્યા હોવાના વિરોધાભાસી અહેવાલો આવ્યા છે. અફઘાનિસ્તાન છોડવા માંગતા લોકોને મદદ કરવા અમેરિકા પર પણ દબાણ વધારી રહ્યું છે. અફઘાનિસ્તાનના ઉત્તરીય ભાગમાં આવેલા શહેર મઝાર-એ-શરીફમાં એરપોર્ટના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઉડાન ભરવાનો ઈરાદો ધરાવતા લોકો અફઘાન નાગરિક હતા અને તેમાંના ઘણા પાસે વિઝા કે પાસપોર્ટ નહોતા જેના કારણે તેઓને દેશ છોડતા રોકવામાં આવ્યા.અફઘાનિસ્તાન પર કબજો જમાવી ચૂકેલા તાલિબાનીઓના શાસનથી હૃદય કંપાવનારા સમાચાર દરરોજ આવતા રહ્યા છે. જોકે તાલિબાન શાસકો દાવો કરે છે કે લોકોના અધિકારોનું રક્ષણ કરવામાં આવશે પરંતુ વાસ્તવિકતા તેનાથી વિપરીત છે. આ બધાની વચ્ચે યુનાઈટેડ નેશન્સ (યુએન)ની માનવતાવાદી બાબતોની એજન્સીના વડા માર્ટિન ગ્રિફિથે તાલિબાનના નેતા મુલ્લા બરાદાર સાથે મુલાકાત કરી છે. કાબુલના વિદેશ મંત્રાલયમાં યોજાયેલી બેઠકમાં માર્ટિન ગ્રિફિથે જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર અફઘાનિસ્તાન સાથે પોતાનું સમર્થન અને સહયોગ ચાલુ રાખશે. યુએન અંડર-સેક્રેટરી જનરલ ફોર હ્યુમેનિટેરિયન અફેર્સ અને ઈમરજન્સી રિલીફ કોઓર્ડિનેટર માર્ટિન ગ્રિફિથ્સે મુલ્લા બરાદારને મળ્યા બાદ ટ્વિટ કરી. તેમણે લખ્યું- 'મેં અફઘાનિસ્તાનમાં લાખો જરૂરિયાતમંદ લોકોને નિષ્પક્ષ માનવીય સહાયતા અને સુરક્ષા પૂરી પાડવાની સંયુક્ત રાષ્ટ્રની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરવા માટે તાલિબાનના નેતૃત્વ સાથે મુલાકાત કરી.ધ્ર રેડ ક્રોસની આંતરરાષ્ટ્રીય સમિતિ ના પ્રમુખ પીટર મૌરર ૩ દિવસની મુલાકાતે અફઘાનિસ્તાન પહોંચ્યા છે. રવિવારે અફઘાનિસ્તાન પહોંચ્યા બાદ પીટરની યોજના ચિકિત્સા સુવિધાઓ હિંસાનો ભોગ બનેલા પીડિતો માટે તૈયાર કરાયેલ પુનર્વસન કેન્દ્રોની મુલાકાત કરવાના છે. આ સિવાય તેઓ આઈસીઆરસીના કર્મચારીઓને પણ મળશે. આઈસીઆરસીના પ્રમુખ અફઘાનિસ્તાનના સ્થાનિક અધિકારીઓની સાથે પણ મુલાકાત કરશે. જો કે રવિવારે હક્કાની નેટવર્કના નેતાઓ અનસ હક્કાની અને ખલીલ હક્કાનીની તાલિબાનના નેતા મુલ્લા બરાદાર અને મુલ્લા યાકુબ સાથે અથડામણ થયાના અહેવાલ હતા. રિપોર્ટસમાં દાવો કરાયો હતો કે આ લડાઈ દરમિયાન હક્કાની જૂથ દ્વારા ચલાવવામાં આવેલી ગોળીમાં બરાદર ઘાયલ થયા છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે હક્કાની નેટવર્ક સરકાર અને સંરક્ષણ મંત્રી પદમાં મોટો હિસ્સો માંગી રહ્યું છે, જ્યારે તાલિબાન તેટલું આપવા તૈયાર નથી. જોકે બંને દાવાની પુષ્ટિ થઈ શકી નહોતી.

## સરકારે જાહેર કરી અસલી કે નકલી કોરોના વેક્સિન કેવી રીતે ઓળખવી તેની ગાઈડલાઈન્સ




નવી દિલ્હી,

સામાન્ય લોકો ભલે વેક્સિન અસલી છે કે નકલી તે અંગે જલ્દી ન સમજી શકે પરંતુ વેક્સિન ઉપલબ્ધ કરાવવાનું કામ જોઈ રહેલા પ્રશાસનના લોકોને વર્તમાન ગાઈડલાઈન્સથી ચોક્કસ મદદ મળશે. એડિશનલ સચિવ મનોહર અગનાનીએ કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્યોના તમામ એડિશનલ મુખ્ય સચિવો અને પ્રધાન સચિવો (સ્વાસ્થ્ય)ને એક પત્ર લખ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના વેક્સિનના ઉપયોગ પહેલા તેને સાવધાનીપૂર્વક પ્રમાણિત કરવાની જરૂર છે. સાથે જ અસલી કોરોના વેક્સિન કેવી રીતે ઓળખવી તે પણ જણાવવામાં આવ્યું છે.ભારતમાં કોરોના વેક્સિનેશન અભિયાન ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે પરંતુ આ બધા વચ્ચે મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળમાં કેટલીક જગ્યાએ નકલી કોરોના વેક્સિન લગાવવાની ઘટનાઓ પણ સામે આવી છે. આવી ઘટનાઓ પર લગામ કસવા માટે સરકાર પ્રશાસન ઉપરાંત સામાન્ય લોકોને પણ જાગૃત કરી રહી છે. ભારતમાં લગાવાઈ રહેલી કોવિશીલ્ડ, કોવેક્સિન અને સ્પુતનિક-વીની અસલીયત કેવી રીતે પારખવી તે માટે ગાઈડલાઈન્સ જાહેર કરવામાં આવી છે.

## વિદેશી કામદારોને કંપનીના સ્પોન્સર વિના ગ્રીન વિઝા જારી કરાશે : UAE

સંયુક્ત આરબ અમિરાત,

દેશના ઉદ્યોગ અને એડવાન્સ ટેકનોલોજી પ્રધાન સુલતાન અલ જાબેરે જણાવ્યું હતું કે યુએઈ સરકાર અને અમીરાત ડેવલપમેન્ટ બેક્ર ઔદ્યોગિક ટેકનોલોજી અને ટેકનોલોજી-હેવી સેકટરમાં પાંચ અબજ દિરહામનું રોકાણ કરશે. રાજયકક્ષાના મંત્રી સારાહ અલ-આમિરીએ પણ જણાવ્યું હતું કે યુએઈ આગામી ૫૦ વર્ષમાં વિવિધ ઉદ્યોગ મોરચે ગ્લોબલ પ્લેયર બનવાની યોજના ધરાવે છે. દેસના અનેક સેકટર વિશ્વ કક્ષાએ સ્પર્ધાત્મક બને તે માટે પ્રયાસ થશે. યુએઈએ ગયા વર્ષે એક વધુ ગોલ્ડન વિઝાની કક્ષા જાહેર થઈ હતી. તે વિઝા ૧૦ વર્ષની રેસિડન્સીની મંજૂરી આપે છે. આ પગલાંને કારણે યુએઈ આર્થિક વૃદ્ધિમાં ૧ ટકાનો વધારો કરી શકે તેમ છે.સંયુક્ત આરબ અમિરાતે ઔદ્યોગિક વિકાસ માટે પાંચ અબજ દિરહામ (૧.૩૬ અબજ ડોલર)ના રોકાણ સહિતની ૫૦ જેટલી નવી યોજના ઘડી કાઢી છે. યુએઈના સરકારી અધિકારીઓએ રવિવારે આ જાણકારી આપી હતી. તેમણે ટેક્નોલોજી મોરચે રોકાણ, વિદેશી રોકાણને આકર્ષવાની તેમજ રેસિડેન્ટ્સ અને કૌશલ્ય ધરાવતા કામદારોને આકર્ષવા માટેની નવી વિઝા નીતિ વિષે જાણકારી આપી હતી. યુએઈએ ગયા વર્ષે પણ કોવિડ-૧૯ મહામારીના મારમાંથી અર્થતંત્રને બેઠું કરવા માટે વિદેશી રોકાણ અને વિદેશીઓને આકર્ષવા માટે સંખ્યાબંધ પગલાં લીધાં હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે ફ્રીલાન્સર માટે તેમજ કૌશલ્ય ધરાવતા કામદારો માટે બે વિઝા કેટેગરી યોગ્ય કૌશલ્ય ધરાવતા વિદેશીઓને આકર્ષવામાં મદદ કરશે. હાલમાં યુએઈમાં વિદેશીઓને રોજગારી સાથે સંકળાયેલા અને થોડા વર્ષ જ ચાલે તેવા રિન્યૂએબલ વિઝા આપવામાં આવે છે. પરંતુ કૌશલ્ય ધરાવતા કામદારોને અપાનારા નવા ગ્રીન વિઝા પરિવારના સભ્યોને સ્પોન્સર કરવાની ફ્લેક્સિબિલિટી પણ ધરાવે છે. તે વિઝા એક રોજગારીની મુદત પૂરી થતાં નવી રોજગારી મેળવવા માટે સમય પણ આપશે.

## હવામાન વિભાગની આગાહી : રાજ્યમાં ૨૦ સપ્ટેમ્બર સુધી સારો વરસાદ થશે

અમદાવાદ,

આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડીમાં લો-પ્રેશર રચાશે, જે ૮ સપ્ટેમ્બર સુધી મજબૂત બની ડિપ્રેશન કે વેલમાર્ક લો-પ્રેશરમાં ફેરવાશે, જેને કારણે અમદાવાદ સહિત મોટા ભાગના વિસ્તારોમાં ૮થી ૧૪ સપ્ટેમ્બર મધ્યમથી ભારે તથા કેટલીક જગ્યાએ અતિભારે વરસાદ પડશે, જેને કારણે વરસાદની જે ઘટ પડી છે, તેમાં ઘટાડો થવાની વકી હવામાન વિશેષજ્ઞે કરી છે. હાલમાં રાજયમાં વરસાદની ગેરહાજરીને કારણે ગુજરાતમાં કુલ વરસાદની ઘટ ૪૧ ટકા છે, પરંતુ આગામી અઠવાડિયામાં સારા વરસાદને કારણે રાજ્યમાં વરસાદની ઘટમાં નોંધપાત્ર ઘટાડો થવાના સંકેતો હવામાન વિશેષજ્ઞે આપ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ બંગાળની ખાડીમાં ૨૪ કલાકમાં લો-પ્રેશર રચાશે, જે ૭થી ૮ સપ્ટેમ્બર સુધી બંગાળની ખાડીમાં રહેશે, જેને કારણે રાજ્યમાં વધી શકે છે થંડર સ્ટ્રોમની ગતિવિધિ. ૮ સપ્ટેમ્બર બાદ લો-પ્રેશર બંગાળની ખાડીથી આગળ વધીને રાજસ્થાનની આજુબાજુ પહોંચશે, તેની સાથે મોન્સૂન ટ્રફ નીચે આવશે. આથી આ લો-પ્રેશર વેલમાર્ક લો-પ્રેશરથી લઈને ડિપ્રેશનમાં ફેરવાઈ શકે છે, જેની અસર ૮થી ૧૪ સપ્ટેમ્બર સુધી રહેશે. જેને કારણે રાજ્યભરમાં વરસાદ પડશે. વેલમાર્ક લો-પ્રેશર અને ડિપ્રેશનની અસરથી મધ્ય અને પશ્ચિમ ભારતનાં આંતર મોસમીય પરિવર્તનથી વરસાદ ખેંચી લાવતાં પરિબળો વધુ મજબૂત બનતા ૨૦મી સુધી સારો વરસાદ પડી શકે છે. સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડિયામાં પડેલા વરસાદ અગાઉ રાજ્યમાં ૫૦ ટકા વરસાદની ઘટ હતી, પરંતુ છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા વરસાદની ઘટ ૯ ટકા ઘટીને ૪૧ ટકાએ પહોંચી છે, જેમાં ગુજરાતમાં સામાન્ય કરતાં ૪૪ અને સૌરાષ્ટ્રમાં ૩૭ ટકા ઓછો વરસાદ પડ્યો છે, પરંતુ ૮થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન મધ્યમથી ભારે વરસાદને લીધે ચોમાસાને અંતે વરસાદની ૨૫ ટકા ઘટ રહેવાની શક્યતા છે.અમદાવાદ લાંબા સમયથી ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યાં છે. પણ મેઘરાજા જાણેકે, હાથતાળી આપીને જતા રહેતાં હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે. જોકે, હવામાન વિભાગે કરેલી આગાહીથી ખેડૂતો સહિત સામાન્ય લોકોને પણ મોટી રાહત મળશે. હવામાન વિભાગે આગામી ૨૦મી સપ્ટેમ્બર સુધીમાં રાજ્યભરમાં સારા વરસાદની આગાહી કરી છે. બંગાળની ખાડીમાં લો પ્રેશરની અસરથી ૧૪મી સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની વકી, બુધવાર સુધીમાં વરસાદની સિસ્ટમ સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યાં છે. હવામાન વિભાગના આંકડા મુજબ, રવિવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૨.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૭ ડિગ્રી નોંધાયું હતું.

## કુશળ નાણાંમત્રી તરીકેની છાપ ધરાવતા ડે.સીએમ નિતિન પટેલ

ગાધીનગર,

નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલ માટે એક એવી છબી ઊભી થઈ ગઈ છે કે તેઓ જલદીથી કોઈ ફાઈલને મંજૂરી આપતા નથી. કોઈપણ ખરીદી હોય અથવા તો ટેન્ડરને મંજૂરી આપવાની વાત હોય, તેની તમામ બાબતોને બારીકાઈથી સમજવા માટે ડે. સીએમ તેમાં પૂરી મહેનત કરે છે. IAS સહિતના તમામ અધિકારીઓની મંજૂરી બાદ આખરી સહી માટે ફાઈલ ડે. સીએમ પાસે આવે છે. તેઓ સહી કરતા પહેલાં તેનો પૂરો અભ્યાસ કરે છે. મેડિકલ ઈક્વિપમેન્ટની ખરીદી હોય અન્ય કોઈ ખરીદી હોય તેના નિષ્ણાતોને બોલાવી તેની ઉપયોગિતા અને ભાવની તપાસ કરે છે. જેને ટેન્ડર લાગ્યું હોય તે એજન્સીને પણ બોલાવે છે. આ



મિટિંગમાં જ ડે. સીએમ જે-તે એજન્સીને ભાવ ઓછો કરવાનું કહે છે. આ જ રીતે બીજા કરોડો રૂપિયાના મોટા ટેન્ડરો હોય તેવી કંપની-એજન્સીના માલિકોને બોલાવીને ભાવ ઓછા કરવાનું કહે છે. જેથી તેઓ પણ નાણામંત્રીનું માન રાખીને બેથી ૧૦ કરોડ ઓછા કરી આપે છે. વર્ષ દરમિયાન આ રીતે મોટા ભાગની કંપની કે એજન્સી સાથે મિટિંગો કરીને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સરકારના કરોડની રકમ બચાવી રહ્યાં છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલ કાનસીંગભાઈ મગનભાઈ
મુ. છાપરવડ-પટેલ ફળીયું, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

નંદકિશોર કુવરજી શાહ
મુ. મોટી બાંડીબાર, તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

જયંતિલાલ જગન્નાથ શાહ
મુ. મોટી બાંડીબાર, તા. લીમખેડા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગરના લુણાવાડાની આદર્શ વિદ્યાલય એ ઊંચી ફી માટે આદર્શ વાલીઓ તગડી ફી થી તોબા....તોબા.....

લુણાવાડા, લુણાવાડામાં જયારે ખાનગી વિદ્યાલયોનો રાફડો ફાટયો છે. ત્યારે આદર્શ વિદ્યાલયની વાત કરીએ તો વિદ્યાને એટલી મોંઘી વહેંચવા નહિ પરંતુ વેચવા માડી છે કે, ખુદ સરસ્વતીમાં પણ અચરજ પામતા હશે એવું વાલીઓ અને જીલ્લાના પ્રજાજનો અચરજ પામી રહ્યા છે. જો તમારે આચાર્યને મળવા માટે એપોઈન્ટમેન્ટ મેળવવા વીસ મિનિટનો સમય બગાડવો પડે. તમારા બાળકને મળવુ હોય તો એક કલાક રાહ જોઈ ને સ્કૂલના અડસઠ પગથિયા ચઢવા પડે. તો બાળકોને બસો પચાસ પગથિયાં રોજ ચઢવા પડે ને ? વાહ રે આદર્શ વિદ્યાલય.. સ્કૂલમાં બાળકને રમવા માટેની કોઈ મેદાન કે વસ્તુઓ જોવા પણ ન મળે. વિદ્યાર્થીઓને જીવનના આદર્શ ગુણો કેળવવા માટે કોઈ પર્યાવરણ જ નહીં બસ એકજ આદર્શ ફી નિયમિતતા માટે સહકાર આપો. આજ મેસેજ વાલીને મળ્યા કરે. વાલીઓ જાણે મારૂ છોકરૂ આદર્શ ગુણો કેળવી રહ્યો છે તેવુ લાગે. એરે સ્કૂલ ના સિક્યોરિટી વાળા ને પંખાની પણ સગવડ નથી અપાતી. શાળાના મુખ્ય દરવાજે પોલીસ ખાતાના એ નશા મુકત માટે જાહેરાત લગાવે છે, પરંતુ સ્કૂલના બોર્ડ પર કોઈ સુવિચાર લખાતો નથી. ખરેખર આવી સ્કૂલોની મંજૂરી કેવીરીતે અપાતી હશે? આ પ્રશ્ન આમ જનતા માટે મોટો છે. આમ બાળકઆવી તગડી ફી વસુલ કરવાવાળી સ્કૂલો માંથી દેશનો ઉત્તમ નાગરિક કેવી રીતે બનશે? જીલ્લાના શિક્ષણ વિભાગ આવી સ્કૂલોની મુલાકાત લેશે કે કેમ તે જોવું રહ્યું.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

# શહેરા તાલુકાના વાડી વલ્લભપુર ગામે પશુઓમાં LSDનો રોગ જોવા મળતાં પશુ ચિકિત્સા અધિકારી દ્વારા સારવાર શરૂ કરાઈ

શહેરા, શહેરા તાલુકાના વાડી, વલ્લભપુર ગામના અમુક પશુઓમા એલ.એસ.ડી.નો રોગ જોવા મળ્યો હતો. આ રોગમાં પશુના પીઠ પર ફોલ્લા જેવા નાના ગુમડાઓ થઈ જતા હોવાથી પશુપાલકો ભારે ચિંતિત થઈ ઉઠયા છે. પશુ ચિકિત્સા અધિકારી સહિતની ટીમ દ્વારા પશુઓની સારવાર શરૂ કરી દીધી હતી.

શહેરા તાલુકાના વાડી અને વલ્લભપુર ગામ ખેતી અને પશુપાલન પર નભતું ગામ છે. આ બે ગામમાં ૧૦૦૦ થી ૧૫૦૦જેટલા પશુઓ હોવા સાથે અહીંના પશુપાલકો ડેરીમાં દૂધ ભરતા હોય છે. પશુપાલકોના અમુક પશુઓમાં એલ.એસ. ડી.નો રોગ જોવા મળતા પશુપાલકો ભારે ચિંતિત થઈ ઉઠયા છે. પશુઓની પીઠ પર ફોલ્લા જેવા નાના ગુમડાઓ થઈ જતા હોય છે. શરૂઆતમાં પશુને એક બે નાના ગુમડા થયા બાદ આખા શરીરમાં થતા હોય છે. હાલ તો વાડી અને વલ્લભપુર ગામમાં પશુઓને આવો રોગ થતા પશુપાલકો ભારે ચિંતિત થઈ ઉઠયા હતા. સરકારી પશુ દવાખાના પશુ ચિકિત્સા અધિકારી ડો.એ.બી. કાનાણી, પી.એમ. બુખડિયા તેમજ પશુધન નિરીક્ષક એચ.આર.પટેલ સહિતની ટીમ ગામ ખાતે પહોંચી જઈને ગામના અગ્રણી રાજેન્દ્રસિંહ સોલંકી તેમજ દોલત સિંહ ને સાથે રાખીને પશુપાલકોના ઘરે જઈને પશુઓની સારવાર શરૂ કરી હતી અને પશુપાલકોને પશુ ચિકિત્સા અધિકારી ડો. બી. એ.કાનાણી એ મચ્છર જન્ય રોગ હોવા સાથે ગરમીના કારણે પણ પશુઓના પીઠ પર ગુમડા થઈ જતા હોવાનુ જણાવ્યું હતું. જ્યારે નવી વાડી ગામ ખાતે રહેતા પશુપાલક કાળાભાઈ માછીની ગાયનું મોત થતા અન્ય પશુપાલકો પોતાના પશુઓને લઈને ચિંતિત થયેલ હતા. વાડી ગામ ખાતે આવેલ પશુ ડોક્ટર સહિતની ટીમ દ્વારા ગામના વિવિધ વિસ્તારમાં આવેલ પશુપાલકોના પશુઓની તપાસ કરીને જરૂરી સારવાર કરવામાં આવી હતી. અન્ય ગામોમાં અમુક પશુઓને મચ્છરજન્ય રોગ દેખા દીધો હોય ત્યારે પશુ ચિકિત્સા અધિકારી અને તેમની ટીમ દ્વારા આવા ગામોને પણ મુલાકાત લેવામાં આવે તે હાલની પરિસ્થિતિને જોતા અત્યંત જરૂરી છે.પશુપાલકો પોતાના પશુઓનું દૂધ ડેરીમાં ભરતા હોય ત્યારે દૂધ ઉત્પાદકોના હિત માટે પંચામૃત ડેરીના પશુ ડોક્ટરની ટીમ તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લઈને આ રોગ પશુઓમાં વધુ વકરે નહીં તે માટે પશુઓની સારવાર શરૂ કરે તેમ ૫૦૦થી વધુ પશુપાલકો ઈચ્છી રહયા છે. આ ગામના દોલતસિંહ સોલંકી સહિતના પશુપાલકો જણાવી રહ્યા છે કે, આ નવો રોગ ભેંસ કરતા ગાયમા વધુ જોવા મળી રહ્યો છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

# લુણાવાડાના કણજાવ ગામે શૌચાલયમાં હલકી કક્ષાની કામગીરી કરી ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ

લુણાવાડા, સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ઘરે ઘરે શૌચાલય યોજના અંતર્ગત સમગ્ર દેશમાં ભારત સરકાર દ્વારા શૌચાલય બનાવવામાં આવી રહ્યા છે ત્યારે લુણાવાડા તાલુકાના કણજાવ ગ્રામ પંચાયતમાં ગરીબ પરિવારો સાથે ક્રુર મજાક ઉડાડવામાં આવી રહી છે અને માત્ર નાખ ખાતર શૌચાલય યોજનાનો લાભ આપવામાં આવ્યો હોય તેમ પ્રથમ દ્રષ્ટિએ જોતા સ્પષ્ટપણે દેખાઈ રહ્યુ છે.કેટલાંક શૌચાલયોમાં ખાડા બનાવવામાં આવ્યા નથી. તો કેટલાંક શૌચાલયોના દરવાજાના મિજાગરા છુટા પડી ગયા તો કેટલાકના દરવાજામાં કાટ આવી સડી જવા પામ્યા છે. જયારે કેટલાંક શૌચાલયોને પ્લાસ્ટર પણ નથી કરાયુ અને દિવાલો તુટી જવા પામી છે. જેમાં લુણાવાડા તાલુકા પંચાયતમાં તલાટી કમ મંત્રી, સરપંચ અને કોન્ટ્રાકટરની મિલીભગતને કારણે ટકાવારી પ્રમાણે રૂપિયાની વહેંચણી થતી હોવાથી તકલાદી અને હલકી ગુણવત્તાવાળા શૌચાલય બનાવ્યા હોવાનો ગ્રામ પંચાયતના સભ્ય નરેશ પરમાર અને ગામના અન્ય લોકો દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો હોવાથી તાલુકામાં મોટાપાગે શૌચાલય કૌભાંડ થયુ હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. જો આ અંગે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા નિષ્પક્ષ અને યોગ્ય તપાસ કરવામાં આવે તો મોટુ કૌભાંડ બહાર આવી શકે તેમ છે.


ચાર પાંચ દિવસના વિરામ અને અસહ્ય ઉકળાટ બાદ આજે નમતી સાંજે ગોધરા તાલુકાના નદીસર પંથક વરસાદનું ભારે ઝાપટું આવતા ખેડૂતોમાં આનંદ વ્યાપ્યો હતો.

તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર


ગોધરા તાલુકાના નદીસર ગામે નંદકેશ્વર મહાદેવ ખાતે શ્રાવણ માસના છેલ્લા દિવસ એટલે કે અમાસના દિવસે પરંપરાગત આખા માસ દરમિયાન થયેલ મૃત્યુંજય મંત્રનો દશાંશ હોમ કરવામાં આવ્યો હતો.

# દે.બારીયા શહેર તથા ગ્રામ્યની પ્રાઉડ વ્યકિતઓને પોસ્ટ ખાતા દ્વારા કેશ પેમેન્ટનો લાભ કયારે મળશે ?

દે.બારીયા, દે.બારીયાની ભારતીય પોસ્ટ વિભાગમાં કેન્દ્ર સરકારની યોજનાના અનુસાર જે વ્યકિત લાચાર અથાવ પ્રાઉડ હોય તેવા પેન્શનદારો હોય તેમને ઘરે જઈને પોસ્ટ મેનના દ્વારા તેઓનું પેન્શન તથા વિધવા પેન્શન તેમજ પ્રાઉડ પેન્શન આધારકાર્ડનો નંબર અને ખાતા નંબરનો ઉપયોગ કરીને આવા વ્યકિતઓને ઘરે જઈને કેસ પેમેન્ટની યોજના મુકવામાં આવી હતી. તે અમુક ચાર છ મહિના રેગ્યુલર ચાલી પછી પોસ્ટ મેનો આનાકાની તેમજ બહાના બાજી કરીને આવા વ્યકિતઓને ફરી બેન્કમાં લાઈનોમાં ઉભા કરી દીધા છે.

પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા એક વર્ષથી પોસ્ટ વિભાગના દ્વારા કેસ પેમેન્ટની યોજના ચાલતી હતી. તે પ્રાઉડ વ્યકિતઓ માટે લાભદાઈ હતી. હાલમાં આ ઘરે પોસ્ટમેન આવશે અને અમારું વિધવા પેન્શન લઈ લેશું તે હવે જુની વાત થઈ ગઈ છે. કારણ પોસ્ટમેન પાસે ફીંગનુંમશીન ખોટખાયલું હશે કે પછી જાણી સમજીને બગડેલ રાખતા હશે તે રામ જાણે પરતું આા અનેક બહાના આગળ મૂકી લાચાર, અપંગ, વિધવા પ્રાઉન્ડ વ્યકિતઓને કેન્દ્રની સરકારે લાભ આપ્યો હતો. તે લાભ પોસ્ટમેનો આપવા માટે આનાકાની સૂઝબહાના બાજી કરે છે. જેથી વિભાગીય પોસ્ટના અધિક્ષક આ આપણા ભારત દેશના સીનીયર સીટીઝનના વહારે આવે અને તેમને સરકારે આપેલા લાભને ફરી બહાલ કરી આપે તેવી પ્રાઉડોની માંગ ઉઠવા માંગી છે.

# દે.બારીઆ ગામે ફાઈનાન્સની ઓફિસમાં તસ્કરોએ લોકર તોડી ૭.૯૦ લાખની ચોરી કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરનો ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં એક ફાઈનાન્સની ઓફિસમાં અજાણ્યા ચોર ઈસમોએ ઓફિસને નિશાન બનાવી ઓફિસમાં મુકી રાખેલ લોકરને તોડી અંદર મુકી રાખેલ રોકડા રૂપીયા ૭,૯૦,૦૪૬ની મત્તાની ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગત તા.૦૪ સપ્ટેમ્બરાના રોજ દેવગઢ બારીઆ નગરના ધાનપુર રોડ પર આવેલ સ્પંદન ફાયનાન્સ ઓફિસમાં મધ્યરાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમોએ આ ફાયનાન્સ ઓફિસને નિશાન બનાવી હતી અને ઓફિસની બારી તોડી ઓફિસમાં પ્રવેશ કર્યો હતો. ઓફિસમાં તસ્કરોએ પ્રવેશ કરી ઓફિસમાં મુકી રાખેલ લોકરને તસ્કરોએ તોડી નાંખ્યું હતુ અને લોકરમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૭,૯૦,૦૪૬ની મત્તાની ચોરી કરી લઈ નાસી ગયાં હતાં. આ સંબંધે ફાયનાન્સ ઓફિસના માલિક યુસુફભાઈ સુલેમાનભાઈ મેતર (રહે. ગોધરા, જિ.પંચમહાલ) દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સરકારી ઈજનેરી કોલેજ ગોધરામાં ISHRAEનું સ્ટુડન્ટ ચેપ્ટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યું

ગોધરા, સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ખાતે ઈન્ડિયન સોસાયટી ફોર હિટિંગ, રેફરીજરેટિંગ એન્ડ એર કંડીશનિંગ સોસાયટી ના અમદાવાદ ચેપ્ટર દ્વારા HVAC ઈન્ડસ્ટ્રીના ખુબ જાણીતા ઉદ્યોગપતિ અને કમલેશભાઈ મહેતા (MD, CITIZEN INDUSTRIES LIMITED) દ્વારા સંસ્થાના મિકેનિકલ ઈજનેરી વિભાગના વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ ચેપ્ટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યું હતું. ઉપરાંત કમલેશભાઈ મહેતા દ્વારા વિદ્યાર્થીઓ માટે "How to Develope Entrepreneurship Skills" વિષય પર ઓનલાઈન લેક્ચર દ્વારા સંસ્થાના ૬૫ વિદ્યાર્થીઓ અને ૧૦ જેટલા અધ્યાપકો ને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. તેમણે કઈ રીતે વિદ્યાર્થી માંથી ઉદ્યોગસાહસિકતાનો ગુણ કેળવી શકાય છે. તે વિસ્તૃત ઉદાહરણ દ્વારા સમજવ્યુ હતું. આ પ્રોગ્રામનુ કોર્ડિનેશન સંસ્થાના મિકેનિકલ વિભાગના સહાયક પ્રાધ્યાપક અને ISHRAE Ahmedabad ચેપ્ટરના સ્ટુડન્ટ એક્ટિવિટી મેન્ટર પ્રો. હાર્દિક શુક્લ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના આચાર્ય પ્રો. એ.કે. પટેલ દ્વારા ઓનલાઇન કાર્યક્રમમાં હાજર રહેલ ISHRAEના તમામ એક્સપર્ટ્સનું અભિવાદન કરવામાં આવ્યું હતુ. પ્રોગ્રામમા ISHRAE અમદાવાદ ચેપ્ટરના પ્રેસિડેન્ટ અદિતિ શાહ અમીન (અદિતિ એર કન્ડિશનિંગ), ISHRAE વેસ્ટ ઝોનના રીજનલ ડિરેકટર ઉર્વીશભાઈ શાહ (ઠંડક માર્કેટિંગ), ISHRAEના પાસ્ટ પ્રેસિડેન્ટ અને ગુજરાતના ખુબ જાણીતા કલાકાર અરવિંદભાઈ વેગડા, રોહિત ભાઈ દવે (રિટાયર્ડ મેનેજર, GSFC-વડોદરા ના ખુબ જાણીતા ઈન્ટરનેશનલ મોટીવેશનલ અને ટેક્નિકલ સ્પીકર) દ્વારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને આ પ્રસંગે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મિકેનિકલ વિભાગના ઈન્ચાર્જ પ્રો. અનંત શેઠ અને પ્રો. હાર્દિક શુક્લ દ્વારા વિભાગમાં વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી અને અતિથિઓનો વિશેષ આભાર માનવામાં આવ્યો હતો. મિકેનિકલ વિભાગના સાતમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ ભોઈ શૈલેષ અને દીપ શેઠે જણાવ્યું કે, આ સ્ટુડન્ટ ચેપ્ટર થવાથી અમને HVAC ઈન્ડસ્ટ્રી સાથે જોડાવાની તક મળશે અને ઈન્ડસ્ટ્રીઅલ વિઝીટ, વેબિનાર, સેમિનાર વિગેરે દ્વારા અમારા પ્રેક્ટિકલ જ્ઞાનમાં પણ વધારો થઈ શકશે એના માટે અમે સ્ટુડન્ટ ચેપ્ટર ફેકલ્ટી કોરડીનેટર પ્રો. હાર્દિક શુક્લ અને આચાર્ય પ્રો. એ. કે. પટેલ તેમજ તમામ ફેકલ્ટીનો આભાર માનીએ છીએ.


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

# દાહોદ ડેન્ગ્યુ-ચીકનગુનિયાથી બચવાના અસરકારક ઉપાયો જણાવતાં જિલ્લા મેલેરિયા અધિકારી

દાહોદ, મેલેરિયા શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, દાહોદ દ્વારા ડેન્ગ્યુ અંગે લોકો જાગૃત બને તે માટે વિવિધ માધ્યમો થકી વાહક જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યાં છે. જિલ્લા મેલેરિયા અધિકારી અતીત ડામોરએ આ નિમિત્તે કેટલીક માહિતી જનજાગૃતિ અર્થે જણાવી છે.

તેમણે જણાવ્યું કે, ડેન્ગ્યુનો તાવ સામાન્ય રીતે ૨ થી ૧૩ વર્ષના બાળકોને થવાની સંભાવના વધુ છે. રોગચાળા ઉપદ્રવ વખતે કોઈ પણ વ્યક્તિને થઈ શકે છે. ઘર કે આજુબાજુ કાળા સફેદ ટપકાવાળા મચ્છર ઉડતા દેખાય તો ચેતી જવું કારણ કે તે ડેન્ગ્યુના મચ્છર જ હશે.

આ મચ્છરનાં પોરા સામાન્ય રીતે ઘરની અંદર સંગ્રહ કરેલા પાણીનાં પાત્ર જેવા કે કુલર, ફ્રીજ બહારની ટ્રે, ખુલ્લા પવાલી, માટલું, સિમેન્ટની ખુલ્લી ટાંકી, ફલાવર પોર્ટ, માછલીઘર તેમજ ચોમાસા દરમિયાન પરનાળ, ખૂલલાા ટાયરો, શીશીઓ, ડબ્બા, પ્લાસ્ટીક કે પતરાનો ભંગાર, મની પ્લાંન્ટની ભરેલી બોટલ કે ચબુતરા, ઢોરનાં હવાડા, ચણતર માટેની કુંડી વિગેરે જગ્યામાં ઉત્પન્ન થાય છે.

તેમણે ઉમેર્યું કે, ડેન્ગ્યુ એડીસ નામના મચ્છરથી ફેલાય છે. ડેન્ગ્યુને અટકાવવા માટે આ મુજબના ઉપાયો કરવા જોઈએ. આ મચ્છર દિવસે કરડતા હોવાથી તેનાથી બચવા આખું શરીર ઢંકાઈ જાય તેવા કપડાં પહેરો. ઘર કે ઓફીસમાં ફ્રીઝની ટ્રે, ફુલદાની, ફુલર, કોઠી, પીપ, માટલું, સિમેન્ટની ટાંકી વિગેરેનું પાણી દર ૩ દિવસે ખાલી કરીને અંદરથી બરાબર સાફ કરીને નવું પાણી ભરવું. ઓવરહેડ અને અન્ડરગ્રાંઉન્ડ ટાંકીના ઢાંકણ ચુસ્ત બંધ કરીને રાખવા. તદઉપરાંત તાવ આવે કે તુરત નજીકના આરોગ્ય કેન્દ્રની મુલાકાત લો અને ઝડપી નિદાન અને સારવાર માટે તમારા લોહીની તપાસ કરાવો. ડેન્ગ્યુ-ચીકનગુનિયાથી બચવા અંડરગ્રાઉન્ડ ટાંકી, ઓવરહેડ પાણીની ટાંકી હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી જોઈએ. જાજરૂ, ગટરની કે ગેસ પાઈપ ઉપર ઝીણું કપડું બાંધી રાખવું. તદઉપરાંત બીજી અગત્યની બાબત એ છે કે માણસ અને મચ્છર વચ્ચેનો સંમ્પર્ક અટકાવવા વિવિધ ઉપાય યોજવા જોઈએ. જેમ કે, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરો. મચ્છરને દૂર રાખનાર મલમનો ઉપયોગ કરો. સાંજે ઘરમાં લીમડાનો ધુમાડો કરો, સંધ્યા સમયેથી જ તમારા મકાનના બારીબારણાં બંધ કરો. જંતુનાશક દવાના છંટકાવથી રહેણાંક ઘરોમાં તમામ ઘરોમાં તમામ રૂમો આવરી લેવાય તેની પૂરેપૂરી કાળજી લો. ઘર કે ઓફીસમાં ફુલદાની, કુલર, સિમેન્ટની ટાંકી વગેરેનું પાણી દર ૩ દિવસે બદલો. બંધિયાર પાણી વહેતું ન કરી શકાય તેવા સંજોગોમાં પાણીમાં પોરાભક્ષક માછલી બળેલું ઓઈલ કે કેરોસીન નાખો. રહેણાંક ઘરોની આસપાસના પાણી ભરાવવાના સ્થળો દુર કરો. ડેન્ગ્યુથી બચવા લોકજાગૃતિ જરૂરી છે. લોકો ઉક્ત ઉપાયો યોજીને મેલેરિયા જેવા રોગથી બચી શકે છે.

# કાલોલના આપેશ્વર મંદિર પાસે જંગલમાંથી એક વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો

કાલોલ, કાલોલ તાલુકાના વ્યાસડા પંચાયત વિસ્તારની હદમાં આવેલા આપેશ્વર મહાદેવ મંદિરની આસપાસ આવેલ ડુંગર વિસ્તારના જંગલમાં એક પુખ્ત વયના વ્યકિતનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે વેજલપુર પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસ કરતા એ મૃતદેહ નજીકના હડમતિયા ગામના હિંમતભાઈ ભીખુભાઈ પરમાર(ઉ.વ.પપ)નો હોવાની ઓળખને આધારે પરિવારજનોને જાણ કરતા પરિવારજનો અને ગામલોકો ઘટના સ્થળે દોડી ગયા હતા. આ સમગ્ર ઘટના અંગે પરિવારજનોના જણાવ્યાનુસાર મૃતક કોઈ અગમ્ય કારણોસર ઘરેથી કશુ જણાવ્યા વગર નીકળી ગયા હતા જે પછી બીજા દિ વસે મૃત હાલતમાં આપેશ્વરના ડુંગર વિસ્તારમાંથી મળી આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં જંતુનાશક ઝેરી દવાની શીશી અને મોંઢામાંથી નીકળેલ ફીણને આધારે ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો હોવાનુ પ્રાથમિક તારણ જોવા મળ્યુ હતુ. જે મોતને પગલે ખેતમજુરી કરીને પરિવારનુ ગુજરાત ચલાવતા મૃતકના પત્નિ, પુત્ર, અને પુત્રવધુ સહિતના પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી જવા પામી હતી.

# ગુજરાતના લોકોનો પ્રશ્ન આ વર્ષે નર્મદા ડેમની સપાટી પુરેપુરી ભરાશે ??

ગાધીનગર, ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૩૫.૬૮ મીટરે હતી અને પાણીની આવક એક લાખ ક્યુસેક હતી. અને લાઈવ સ્ટોરેજ પાણી ૪૭૨૩ મિલિયન ક્યુબીક મીટર હતું. ત્યારે આજે માંડ મીટરે ૧૧૭.૫૨ પહોંચી છે.પાણીની આવક નામ માત્ર કહી શકાય તેટલી ૪૪૨૯ ક્યુસેક છે .પાણી નું લાઈવ સ્ટોરેજ ૮૬૩.૭૭ મિલિયન ક્યુબીક મીટર છે.મુખ્ય કેનાલમાં પણ હવે પીવાનુ પાણી આપવા જરૂરિયાત મુજબ ૩૨૩૬ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. સામાન્ય રીતે સપ્ટેમ્બર મહિનાની સીઝનમાં ડેમમાં ઉપરવાસમાંથી પાણીની આવક લાખો ક્યુસેક હોય છે અને ભરપુર પાણી આવતું હોય છે, પરંતુ આ વખતે ચોમાસું પૂર્ણતાના આરે છે તેમ છતાં હજી પણ નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં જોઈએ તેટલો વરસાદ પડયો નથી. હાલમાં નર્મદા ડેમ તેની મહત્તમ જળ સપાટી ૧૩૮.૬૮ મીટરથી ૧૮.૧૯ મીટર ડેમ હજુ પણ દૂર છે. સપ્ટેમ્બર મહિનામાં નર્મદા ડેમના કૅચમેન્ટ વિસ્તારમાં આવેલા મધ્યપ્રદેશમાં ભરપુર વરસાદ પડયો હોય તેવું ભૂતકાળમાં બન્યું છે.તો આ વખતે એક આશા છે કે સપ્ટેમ્બર મહિનો હજુ વીત્યાને પાંચ જ દિવસ થયા છે. ત્યારે હજી પણ મુશળધાર વરસાદ પડે તો ડેમ આ વખતે પણ સંપૂર્ણપણે ભરાઈ શકે તેમ છે, પણ હાલની સ્થિતિ નર્મદા ડેમના જળ સંગ્રહની સારી નથી એવું કંઈ શકાય.સપ્ટેમ્બર મહિનાની શરૂઆત થઈ ગઈ છે તેમ છતાં હજી નર્મદા ડેમ સંતોષકારક ભરાયો નથી. ગત વર્ષે ૫ સપ્ટેમ્બર જળ સપાટી ૧૩૫.૬૮ મીટર હતી જયારે આ વર્ષે માંડ હજુ ૧૧૭.૫૨ મીટર પર જ પહોંચી છે. સપ્ટેમ્બર મહિનો શરૂ થયો પણ હજુય નર્મદા ડેમના કૅચમેન્ટમાં વરસાદ જોઈએ તેટલો પડતો નથી. ત્યારે ગત વર્ષ કરતા આ વર્ષે ડેમની જળ સપાટી ૧૮.૧૯ મીટર ઓછી છે.ત્યારે ડેમ સંપૂર્ણપણે ૧૩૮.૬૮ મીટર સુધી આ વર્ષે ભરાશે કે કેમ ?? તે એક પ્રશ્નાર્થ છે. કારણ કે ચોમાસાની શરૂઆત થઈ ત્યારે સારો વરસાદ હતો પરંતુ ત્યારબાદ નર્મદા ડેમના ઉપરવાસમાં ચોમાસુ લંબાઈ ગયું છે. જેના કારણે પાણીની આવક જોઈએ તેવી નથી આજે વાત કરીએ તો સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટી ૧૧૭.૫૨ મીટરે પહોંચી છે.



# રાજયમાં આગામી ૩ દિવસ ગાજવીજ સાથે વરસાદ પડશે

સુરત, સતત મેઘમંડાણના કારણે રસ્તા પર પાણી ભરાઈ જતાં સવારે કામ ધંધે જતાં લોકોએ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઉલ્લેખનિય છે કે, હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. સુરતમાં મનમૂકીને મેઘરાજા વરસતાં સુરતના અનેક વિસ્તાર જળમગ્ન થયા છે. હવામાન વિભાગની આગાહી આગામી ૩ દિવસ સુરત, નવસારી, વલસાડ, સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ સહિતના વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. રાહતની વાત એ છે કે ગુજરાતમાં આગામી ૭ સપ્ટેમ્બરથી ચોમાસું ફરી જામી શકે છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૭ સપ્ટેમ્બરે વલસાડ, દમણ, દાદરા નગર હવેલી-૮ સપ્ટેમ્બરે સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, અમરેલી, ભાવનગર, બોટાદમાં જયારે ૯ સપ્ટેમ્બરે સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, સુરત, બનાસકાંઠા, સાબરકાંઠા, ખેડા, અમદાવાદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવમાં ભારે થી અતિભારે વરસાદ પડી શકે છે.ચોમાસાની શરૂઆત ધીમી અને નબળી હોવાથી ખેડૂત ચિંતિત હતા પરંતુ છેલ્લા સપ્તાહથી ગુજરાતમાં છૂટછવાયો વરસાદ પડતા ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો છે. સુરતમાં મેઘ મંડાણ થતાં ગરમીથી રાહત મળી છે. સુરતમાં ૨ કલાકમાં ૨ ઈંચ વરસાદ વરસતાં અડાજણ લિંબાયત સહિતના અનેક વિસ્તારમાં પાણી ભરાયા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં વિદ્યાર્થી એજ્યુકેશન સહાય ફોર્મ ભરવા પોસ્ટ ઓફિસમાં ઘસારો

- વિદ્યાર્થીના વાલીના વોટ્સએપ નંબર અને આધાર પુરાવા તેમજ સો રૂપિયા લઈ લોભામણી લાલચ.
- સંજેલી પોસ્ટ ઓફિસમાંથી દસ દિવસમાં આઠ સો જેટલા ફોર્મ ભરાયા.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

દાહોદ જીલ્લામાં ધોરણ ૧ થી ૧૨ ના અને કોલેજ તેમજ અન્ય કોર્સ માટે વિદ્યાર્થીઓને પાંચ હજાર થી દસ હજાર સુધીની સહાય માટે વિદ્યાર્થી એજ્યુકેશન સહાય ચેરીટેબલ ટ્રસ્ટ નડિયાદ દ્વારા બહાર પાડવામાં આવેલ ફોર્મ જમા કરાવવા પોસ્ટ ઓફિસમાં ધસારો સરકાર દ્વારા આવી કોઈ યોજના નથી. તો આ ટ્રસ્ટ દ્વારા કોમ સાથે સો રૂપિયા અને ડોક્યુમેન્ટ લઈ કરોડો રૂપિયા ભેગા કરવાની લોભામણી લાલચ તો નથી ને તેવી જાગૃત લોકોમાં ચર્ચા તંત્ર માટે તપાસનો વિષય બન્યો.

દાહોદ જિલ્લામાં આવેલ સંજેલી સુખસર ઝાલોદ સહિતના તાલુકાઓમાં એજ્યુકેશન સહાય મેળવવા માટેનું ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પોસ્ટઓફીસ ખાતે ઠેર ઠેર ઘસારો જ્યારે કોઈ પણ જાતની સરકારની જાહેરાત વિના ફોર્મ પણ બજારમાં વેચવા લાગ્યા સરકાર દ્વારા પાંચ સો પચાસ થી આઠ સો રૂપિયા સુધીની ધોરણ એકથી આઠના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવે છે નડિયાદની આ વિદ્યાર્થી એજ્યુકેશન સહાય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પાંચ હજાર થી માંડીને દસ હજાર સુધીની સહાય મેળવવા માટેનું ફોર્મ બહાર પાડવામાં આવ્યું છે જેમાં લાઈટબિલ રેશનકાર્ડ આધારકાર્ડ બેંક પાસબુકની નકલ માર્કશીટ અને બે વોટ્સ એપ નંબર તેમજ શોરૂમ સાથે ઉઘરાવવામાં આવે છે એ પણ પોસ્ટ ઓફિસ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. ત્યારે સરકારની આવી કોઈપણ જાહેરાત નથી તેમ છતાં પણ આવા ટ્રસ્ટો દ્વારા તો બહાર પાડી સો રૂપિયા અને ડોક્યુમેન્ટ ઉઘરાવી પાંચ હજારથી દસ હજાર સુધીની એજ્યુકેશન સહાય અરજી ફોર્મ બહાર પાડી લોભામણી લાલચ આપી રૂપિયા ખંખેરવાનો પ્લાન ઘડવામાં આવ્યો છે અને લોકોના ડોક્યુમેન્ટો લઈ બેન્ક ખાતામાંથી બારોબાર નાણાં ખંખેરવાનો અને ડોક્યુમેન્ટને અન્ય જગ્યાએ ઉપયોગ કરવાનો કારસો કરવામાં આવ્યો હોય તેવું ચારેકોર ચર્ચાનો વિષય બન્યો છે.ત્યારે વહીવટી તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

> સગા સંબંધીઓએ સહાય મળે તે માટે ફોર્મ ભર્યું છે અને મેં પણ સંજેલી તાલુકા સેવા સદન સામે આવેલી દુકાનેથી કોમ મેળવ્યું છે અને કરેલી પ્રાથમિક શાળામાં ધોરણ એકમાં અભ્યાસ કરતા પુત્ર માટે પાંચ હજાર ની સહાય મેળવવા ફોર્મ ભર્યુ છે.
> **ચંદ્રીકાબેન અમલીયાર**

> સરકાર દ્વારા ધોરણ એકથી પાંચમાં અભ્યાસ કરતા બાળકોને પાંચ સો પચાસ અને ધોરણ છ થી આઠમાં અભ્યાસ કરતા બાળકોને આઠ સો રૂપિયા આપે છે. ત્યારે આ ટ્રસ્ટ દ્વારા લોભામણી લાલચ આપી લોકોને છેતરી તેમના વોટ્સએપ નંબર અને ડોક્યુમેન્ટ લઈ ખેડૂતના ખાતામાં આવતા નરેગાના અને ખેડૂત સહાય જેવી આવતી રકમ બારોબાર સગેવગે કરવાની યોજના ઘડી કાઢી હોય તેવું લાગી રહ્યું છે. જેથી આવા ટ્રસ્ટો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી છે.
> **પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સુરતાનભાઈ કટારા**

> આ ફોર્મ ભરવા આવતા કસ્ટમરને અમે સમજાવે છે કે, આ ખોટું છે. આવી લાલચમાં આવો નહીં અને ખોટા પુરાવા અને રૂપિયાનો બગાડ કરશો નહીં તેમ છતાં પણ કસ્ટમરો બસ્સો રૂપિયા સુધીનો ખર્ચો કરી પોતાના ડોક્યુમેન્ટો મોકલાવે છે.
> **પોસ્ટ આસિસ્ટન્ટ, સૌમિલભાઈ પ્રજાપતિ**

> મારો પુત્ર ઢેઢીયા પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે જાય છે. જ્યાંથી તેના શિક્ષક અને શિક્ષિકાએ સહાય મેળવવા માટેનું ફોર્મ ભરી આપ્યું છે જે હોમ નડિયાદ ખાતે મોકલવા રજિસ્ટર એડી કરવા માટે આવ્યો છું.
> **રાઠોડ રાજેશ રામજી ઢેઢિયા.**

> સંજેલી તાલુકા માંથી લગભગ દસ દિવસમાં વિદ્યાર્થી એજ્યુકેશન સહાય ચેરીટેબલ ટ્રસ્ટમાં નડિયાદ ખાતેના આઠ સો જેટલા સ્પીડ પોસ્ટ કરવામાં આવ્યા છે. એક સ્પીડ પોસ્ટમાં લગભગ ચાલીસ થી પચાસ સુધીની મોકલવાની થી થાય છે.
> **પોસ્ટ માસ્ટર સંજેલી, વી.બી.ભુરીયા.**

## દાહોદ જીલ્લાના DJ સંચાલકોએ ગણેશ મહોત્સવમાં DJ વગાડવાની મંજુરી માટે માંગણી કરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગણેશ ચતુર્થીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે છેલ્લા બે વર્ષના સમયગાળામાં કોરોના મહામારીને કારણે લગ્ન પ્રસંગો સહિત ગણેશ મહોત્સવ તેમજ ખાસ કરીને ગણેશ વિસર્જનમાં ડી.જે. સિસ્ટમો ઉપર પ્રતિબંધો લગાવવામાં આવ્યાં હતાં ત્યારે ચાલુ વર્ષે ગણેશ ઉત્સવમાં ડી.જે. વગાડવાની પરવાનગી આપવા માટે દાહોદ જિલ્લાના ડી.જે. સંચાલકો દ્વારા દાહોદ જિલ્લાના કલેકટરને આવેદનપત્ર આપી ડી.જે. વગાડવાની પરવાનગી માંગી હતી.

હાલમાં આવનાર ગણેશ મહોત્સવમાં ડી.જે. વગાડવા માટે દાહોદ જિલ્લાના ડી.જે. સંચાલકો દ્વારા આજે મોટી સંખ્યામાં દાહોદ કલેક્ટર કચેરી ખાતે પહોંચી ગયાં હતાં જ્યાં કલેક્ટરને સંબોધતું એક આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું અને તેમાં જણાવ્યાં અનુસાર, છેલ્લા ઘણા સમયથી કોરોના મહામારીના કારણે ઘણા બધા ધંધાઓ બંધ કરી દેવામાં આવ્યાં હતાં પરંતુ હાલ મોટા ભાગના ધંધાને ચાલુ કરવા માટે પરવાનગી મળી ગઈ છે છતાં ડી.જે. વગાડવાવાળા લોકોનો ધંધો હજી પણ બંધ છે જેના પરિણામ સ્વરૂપે આ ધંધા સાથે સંકળાયેલા ઘણા પરિવાર આર્થિક તંગી ભોગવવી રહ્યાં છે અને તેમને પરિવારનું ગુજરાન ચલાવવનું મુશ્કેલ પડી રહ્યું છે. આથી હાલ આવી રહેલ ગણેશ મહોત્સવમાં સમાધાનકારક રસ્તો અપનાવી ડી.જે. વગાડવાની પરવાનગી આપવામાં આવે અથવા ગણેશજીના પંડાલ પાસે બેઠુ ડી.જે. મુકવાની પરવાનગી આપવામાં આવે તેવી કલેક્ટરને રજુઆત કરવામાં આવી હતી. વધુમાં આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ડી.જે.ના ધંધા પર આશ્રિત પરિવારો પોતાની રોજગારી મેળવી શકે. આ ઉપરાંત બીજા પ્રકારની રેલીઓમાં ડી.જે. વગાડવાની પરવાનગી આપવામાં આવે ત્યારે ફક્ત તહેવારોમાં ડી.જે. વગાડવાની પરવાનગી નહીં આપવાનું કોઈ ચોક્કસ કારણ સમજાતું નથી જેથી આ અંગે વહેલી તકે કોઈ યોગ્ય નિર્ણય કરવા કલેક્ટર સમક્ષ દાહોદ જિલ્લાના ડી.જે. સંચાલકો દ્વારા વિનંતી કરવામાં આવી હતી.

## દાહોદના નસીકપુર ગામે સ્મશાન ગૃહમાં ભેરૂનાથની પ્રતિમાના વાહન શ્વાનને તોડી નાખતાં લઘુમતિ કોમ ઈસ સામે ફરિયાદ




દાહોદ,

દાહોદ તાલુકાના નસીરપુર ગામે આવેલ હિન્દુ સ્માશાન ગૃહ ખાતે ગતરોજ એક લઘુમતિ કોમના ઈસમ સ્મશાનગૃહની ભગવાન ભેરૂનાથની પ્રતિમાના વાહન શ્વાન (કાળીયો)ને તોડી નાંખી નુકસાન પહોંચાડી હિન્દુ આસ્થાને લાગણીને દુભાવી સ્મશાનગૃના ચોકીદાર સહિત કેટલાંક ઈસમો સાથે આ લઘુમતિ કોમના યુવક સહિત તેની સાથે તેની સમાજના અન્ય ચાર જેટલા ઈસમોએ ચોકીદાર સહિત તેમની સાથેના વ્યક્તિઓ સાથે ઝઘડો તકરાર કરી જાતિ અપમાનીત શબ્દો બોલી મંદિરની દાન પેટીમાંથી રૂા.૩૦૦૦ની રકમની લુંટ કરતાં આ સમાચાર દાહોદ શહેર સહિત જિલ્લામાં વાયુવેગે ફેલાતાં ચકચાર સહિત હિન્દુ સમાજના લોકોમાં આક્રોશ ફેલાઈ જવા પામ્યો છે ત્યારે આ મામલે પાંચ લઘુમતિ સમાજના યુવકો વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

દાહોદ તાલુકાના મોટાઘાંચીવાડ વિસ્તાર પટેલીયાવાડમાં રહેતાં નરેશભાઈ રમેશભાઈ પસાયા દાહોદ તાલુકાના નસીરપુર ગામે આવેલ હિન્દુ સ્માશાનગૃહમાં ચોકીદાર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૦૫મી સપ્ટેમ્બરાના રોજ નરેશભાઈ તથા તેમની સાથે કેટલાંક વ્યક્તિઓ સ્મશાનગૃમાં મંદિરમાં સેવા કરવા ગયાં હતાં. આ દરમ્યાન ત્યાં અરબાજ રસિકભાઈ પાટુક (મુસ્લીમ) (રહે. કસ્બા, દાહોદ) ત્યાં આવ્યો હતો અને સ્મશાનગૃમાં આવેલ ભેરૂજી મંદિરમાં મુકી રાખેલ ભગવાન ભેરૂનાથ પ્રતિમાના વાહન શ્વાન(કાળીયો) ને તોડી નાંખી હતી. આ જોઈ નરેશભાઈ તથા તેમની સાથેના માણસોએ પોતાની હિન્દુ લાગણી દુભાતા આવું ન કરવા જણાવ્યું હતું ત્યારે અરબાજ પોતાની સાથે હુસેન એહસાન શેખ, મુસ્તકીન અખ્તર સામ, જુનેદ ઉર્ફે આફ્રીદી જાકીરભાઈ સામદ અને સોહીલ સોએબ સામદ (તમાર રહે. કસ્બા, ઘાંચીવાડ, દાહોધ)ને સાથે લાવ્યો હતો અને ઉપરોકત પાંચય જણાએ સ્મશાનગૃહના ચોકીદાર નરેશભાઈ તથા તેમની સાથેના માણસોને બેફામ ગાળો બોલી, જાતિ અપમાનીત કર્યાં હતાં અને મંદિરની પારદર્શી દાન પેટીમાંથી રોકડા રૂપીયા ૩૦૦૦ લુંટ ચલાવી નરેશભાઈ તથા તેમની સાથેના માણસોને મારી નાંખવાની ધમકીઓ આપી નાસી ગયાં હતાં.

આ સંબંધે સ્મશાનગૃહના ચોકીદાર નરેશભાઈ રમેશભાઈ પસાયાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંચનનું મહત્ત્વ


જીજ્ઞા કપુરીયા (નિયતી)

આપણાં જીવનમાં અસ્તિત્વની ઓળખ માટે વાંચનનું જ્ઞાન હોવું ખૂબ જ જરૂરી છે. જ્ઞાનનાં ત્રણ પ્રકાર છે,

આત્મજ્ઞાન, ગુરૂજ્ઞાન અને
બુધ્ધિજ્ઞાન

આ દરેક પ્રકારનાં જ્ઞાનમાં વાંચનનું એક આગવુ સ્થાન છે. આપણે વાંચન કરવું પણ કયાં પ્રકારનું કરવુ? શું વાંચવુ? શું નહીં? એ સમજવું પણ અત્યંત જરૂરી છે કારણ શબ્દની તાકાત બહુ જ જબરદસ્ત હોય છે. મિત્રો આપણે શબ્દોથી જ અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મેળવી કારણ ગાંધીજી અહિંસાનાં પૂજારી હતાં. એમણે વાક્યાતુર્યથી જ અંગ્રેજોને ભારત છોડવાં મજબૂર કરી દીધાં. તો વિચારો મિત્રો આપણાં ગાંધીજીનું વાચન કેટલું હશે?

મિત્રો વાંચન કરવું પણ કયાં પ્રકારનું કરવું? એ સવાલ પણ ઘણાંને થતો હશે, તો એનો જવાબ છે કે અશ્લીલ વાંચન ન કરવું કારણ આવું વાંચન તમારી મનની તાકાત હણી લેશે તમારા વિચારોમાં નકારાત્મકતાં આવશે અને આવાં વિચારો તમને ગેરમાર્ગે દોરી જશે અંતે બચશે કેવળ પ્રશ્ચાતાપ માટે જીવનમાં સાત્વિક વાંચન ખૂબજ જરૂરી છે એનાં અનેક ફાયદા પણ છે,

૧) તમારામાં આત્મવિશ્વાસનો સંચાર થશે.
૨) જીવનનું ઘડતર થશે સમસ્યાઓને અલગ અલગ દિશાથી જોવાનો દ્રષ્ટિકોણ પણ મળશે.
૩) તમે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં સ્થિર થઈને ટકી શકશો.
૪) જીવનનાં દરેક પ્રશ્નોનું સમાધાન સરળતાથી મેળવી શકશો.
૫) જીવનને અર્થમય રીતે જીવવાનો પ્રાણવાયુ એટલે વાંચન.

મિત્રો, વાંચનથી તમારૂ વ્યક્તિત્વ જ બદલાય જાય છે. અહીં મને એક વાત યાદ આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયના એક સ્વામીએ કહ્યું છે ,“જે જે વાંચ્યું એ વિચાર્યુ નહીં તો વાંચ્યું શું કામનું?
જે જે વિચાર્યુ એ અમલમાં ન મૂક્યું તો વિચાર્યુ શું કામનું?”

ખરેખર મિત્રો, મને બરાબર યાદ છે મારા દાદાજી અમને રોજ રાત્રે એક વાર્તા કહેતાં, એમની પાસે વાર્તાઓનો ખજાનો હતો. તેઓ અમને પંચતંત્ર, રામાયણ અને મહાભારતનાં પાત્રની સમજણ આપતાં જે અમે બધાં ભાઈબહેન રસપૂર્વક સાંભળતાં. થોડાંક મોટાં થયા એટલે અમને બાળવાર્તાની પુસ્તક લાવી આપતાં અને કહેતાં વધારે નહીં રોજની એક વાર્તા વાંચો અને અમે એનું પાલન કરતાં. આ અમારૂં સાહિત્ય પ્રત્યે રૂચિનું પહેલું પગથિયું હતું.

મિત્રો, એ જમાનામાં મોબાઈલ તો હતાં નહીં એટલે દાદા–દાદી જ અમારૂ મનોરંજન વાર્તાથી કરતાં પણ અફસોસ હાલમાં દાદા–દાદીનું સ્થાન મોબાઈલ નામનાં ડબ્બાએ લઈ લીધું છે! આ ડબ્બાએ બાળકોને એટલાં ઘેલાં કરી દીધાં છે કે એમની સવાર જ આ ડબ્બાથી થાય છે! આને માટે જવાબદાર પણ આપણે જ છીએ, મને ઘણીવાર થાય છે કે જો સ્ટીવ જ્યોર્જ એમનાં બાળકોને આ આઈફોનથી દૂર રાખી શકતો હોય તો આપણે કેમ નહીં? જો આપણે આપણાં બાળકોનાં ગુરૂ બનીને એમને વાંચન કરવાં પ્રેરિત કરશું તો એમનું વ્યક્તિત્વ ખીલ્શે, ખીલ્શે ને ખીલ્શે જ એમાં સંશય નથી.

આ વાત ફકત બાળકોને લાગુ નથી પડતી પરંતુ દરેક વ્યક્તિને માટે વાંચન દરેક ક્ષેત્રમાં જરૂરી છે અને સાહિત્યક્ષેત્રે તો ખાસ વાંચન એ મગજરૂપી મશીનની ઉર્જા છે ,જેટલું તમે વધારે વાંચન કરશો એટલું જ તમે ઉત્તમ સાહિત્ય પીરસી શકશો એ તો નિશ્ચિત જ છે.

અસ્તુ.


અવંતિકા એક્સપ્રેસમાં મુસાફરી કરતા એક મુસાફરે દાહોદ પોતાના સ્ટેશને ઉતરતા પોતાના સામાનની સાથે અન્ય એક મુસાફરની બેગ પણ આવી જતા તેણે તે બેગને પાર્સલ ઓફિસમાં મુકી દીધી હતી ત્યારબાદ જે મુસાફરની બેગ ખોવેયેલી હતી તેણે રેલ્વે પોલીસને ફરિયાદ નોંધાવતા તે બેગ દાહોદના પાર્સલ ઓફિસમાં હોવાનું જાણવા મળેલ જે બેગમાં જુના-નવા કપડા સાથે ૪૮,૦૦૦ રોકડ પણ હતી જે મુળ માલિકને બેગ પરત કરી દીધી હતી.

## દાહોદ જીલ્લા રીક્ષા ચાલકો પોલીસ હપ્તા ખોરીથી ત્રાસી BTP પ્રમુખને રજુઆત કરી

દાહોદ,

ભારતીય ટ્રાઇબલ પાર્ટી દાહોદ જિલ્લા પ્રમુખ દેવેન્દ્રભાઈ મેડા તેમજ ભારતીય ટ્રાઈબલ ટાઈગર સેના દાહોદ જિલ્લા પ્રમુખ શૈલેષભાઈ મેડાને દાહોદ તાલુકાના ચામુંડા હોટલ રાબડાલ ખાતે ૬૦ થી વધારે રીક્ષાડ્રાઈવર દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. એમાં જણાવ્યું હતું કે, તેઓ દાહોદ તાલુકાના દાહોદ શહેરના અંદર અમે અમારી રોજી રોટી માટે રીક્ષા ચલાવીએ છીએ અને તેઓને પોલીસતંત્ર દ્વારા અવારનવાર અમારી રીક્ષા રોકીને અમારી પાસેથી પૈસાની વસૂલાત કરે છે તથા દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોરોના કાળ દરમિયાન તેઓની રોજી–રોટી છીનવાઈ ગઈ હતી જેના કારણે તેઓને અને તેઓના પરિવારને ખુબજ મોટી આર્થિક સમસ્યાઓ નો સામનો કરવો પડી રહ્યો છે અને સરકાર તરફથી પણ તેઓને કોઈપણ પ્રકારની સહાય પણ મળેલ નથી અને તેની ઉપર પોલીસતંત્ર દ્વારા આ રીતે તેમની સાથે હપ્તાખોરી કરે છે. જેથી તેઓની હાલત કફોડી બની છે. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને દાહોદ જિલ્લા BTP પ્રમુખ દેવેન્દ્રભાઈ મેડા તેમજ BTTS પ્રમુખ શૈલેષભાઈ મેડા BTP સંગઠન મંત્રી અરવિંદભાઈ માવી BTP યુવા મોરસા પ્રમુખ દિવાન ભાઈ મેડા તેઓની સમસ્યાઓ જાણીને તેઓને જણાવ્યું કે, અમે આ રજૂઆત પોલીસતંત્ર અને તેઓના ઉચ્ચ અધિકારીઓ તથા સરકાર સુધી પોહચાડીશું અને આગામી સમયમાં જો સમસ્યાઓ ઓનો નિકાલ વહેલી તકે નહીં કરવામાં આવે તો રીક્ષા ડ્રાઈવરો દ્વારા હડતાલ અને આંદોલન કરવા માં આવશે. જેમાં BTP અને BTTS ના કાર્યકર્તા તેઓની પડખે અડીખમ ઉભા રહેશે એમ આશ્વાસન આપવામાં આવ્યું હતું.

## ઝાલોદ તાલુકાની શારદા ગ્રામ પંચાયતમાં ૧૩ અને ૧૪માં નાણાં પંચના કામોમાં ભ્રષ્ટાચાર કરવાના આક્ષેપ સાથે TDOને રજુઆત



ઝાલોદ,

દાહોદ જિલ્લામાં સરકારની વિવિધ યોજના હેઠળ ચાલતા જુદા જુદા કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર કરાયાના આક્ષેપો છે અને તે બાબતે તપાસની પણ ઠેરઠેર માંગણી ઉઠવા પામી છે. તેવા સમયે ઝાલોદ તાલુકાના શારદા ગામમાં સરપંચ દ્વારા કરવામાં આવેલા વિકાસના કામોમાં પણ વ્યાપક ભ્રષ્ટાચાર આચરાયો હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે અને તે કામોની યોગ્ય તપાસ કરવા બાબતે ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારી ઝાલોદ અને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે રજૂઆતમાં જણાવ્યા મુજબ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના શારદા ગામના મહિલા સરપંચ સોનલબેન તથા તેમના પતિ અમરસિંગ માવી દ્વારા ગામના વિકાસના ૧૩ અને ૧૪ માં નાણાપંચ ના કામો જેવા થી સામુહિક શૌચાલય, બોર મોટર, એલીડી લાઇટ, સી સી રસ્તા, કમ્પાઉન્ડ વોલ, નાળાનું કામ તથા શારદા ગામના મુખ્ય તળાવ પર ધોબીઘાટ નું કામ જેવા કુલ ૨૨ જેટલા કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર કરાયો હોવાના ગ્રામજનો દ્વારા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ગામમાં બે જગ્યાએ સામુહિક શૌચાલય, ૮ જગ્યાએ બોર મોટરના કામ, એક જગ્યાએ એલઇડી લાઈટ નું કામ, છ જગ્યાએ સી સી રસ્તા, બે જગ્યાએ કમ્પાઉન્ડની દીવાલ, બે જગ્યાએ નાળાનું કામ તથા ગામના મુખ્ય તળાવ પર ધોબી ઘાટનું કામ મળી કુલ ૨૨ જેટલા કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર કરાયાના આક્ષેપ સાથે આ તમામ કામોની યોગ્ય તપાસ કરવામાં આવે તો લાખો રુપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. તેવું જણાવી સ્થળ તપાસની પણ માંગણી કરવામાં આવી છે. શારદા ગ્રામ પંચાયતના સભ્ય ભુરીયા ભાવસિંગભાઈ ગવજીભાઈ એ પણ સરપંચ તથા તલાટી કમ મંત્રીની મિલીભગતથી આ કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર કરાયાના આક્ષેપો કર્યા છે. ઉપરોક્ત કામો અંગેની માહિતી મેળવવા શારદા ગામના તલાટીને એક જાગૃત નાગરિક દ્વારા તારીખ ૨૮/૬/૨૦૨૧ ના રોજ આરટીઆઇ કરવામાં આવી હતી, પરંતુ આજદિન સુધી તલાટી કમ મંત્રી માહિતી આપી નથી. તેમજ તલાટી કમ મંત્રી દ્વારા અરજદારને ગેરમાર્ગે દોરવામાં આવ્યો છે. તલાટી કમ મંત્રી માહિતી માટે અવાર નવાર ધરમધક્કા ખવડાવી રહ્યા છે. જેને કારણે નાછૂટકે આ મામલે તાલુકા વિકાસ અધિકારી ઝાલોદને શારદા ગ્રામ પંચાયતમાં ૧૪ માં નાણાપંચમાં જે કામો સ્થળ પર બિલકુલ કરવામાં આવ્યા નથી અને તલાટી તેમજ સરપંચ દ્વારા બારોબાર ભ્રષ્ટાચાર કર્યાના આક્ષેપો ભરી રજૂઆત કરવામાં આવી છે.

> શારદા ગ્રામ પંચાયતમાં ૧૩માં અને ૧૪માં નાણા પંચ અંતર્ગત થયેલ કામોની સ્થળ તપાસ કરવામાં આવે તો લાખો રૂપીયાનો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. ત્યારે શું વહીવટી તંત્ર તપાસ કરશે ખરું ?

> ઝાલોદના શારદા ગ્રામ પંચાયત વિસ્તારમાં સામૂહિક શૌચાલયના કામો, બોર મોટરના કામો, એલ.ઈ.ડી. લાઈટના કામ, સી.સી.રોડના કામો, પ્રોટેકશન વોલની કામગીરી તેમજ ગુલનોટ રોડ ઉપર નાળાના કામની તપાસ કરવામાં આવે તો પંચાયતમાં સરપંચ, તલાટી દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. શારદા ગામના ૧૩માં અને ૧૪માં નાણા પંચના કામોની તપાસ કરવા માંગ ઉઠવા પામી છે.


દાહોદ જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલન્સને અકસ્માત નડ્યો : દાહોદ જિલ્લાની ૧૦૮ વડોદરા દર્દીને મુકીને પરત આવતી હતી તે સમયે હાઈવે પર અંધારામાં ઉભેલી ટ્રક સાથે અકસ્માત થતાં ડ્રાઈવર સહિત ત્રણ ઘાયલ થયા હતા. જેમાં એક કર્મચારીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.13

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લામાં આગામી સમયમાં ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થતી હોય તેવી

# પંચાયતોની ચુંટણી પહેલા સરપંચ ઉમેદવારની રોટેશન મુજબ અનામત બેઠકોની જાહેરાત

ગોધરા, પંચમહાલ જીલ્લાની ૩૯૦ જેટલી ગ્રામ પંચાયતોની આગામી સમયમાં મુદ્દત પુરી થઈ રહી છે. તેના અનુંસંધાને જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર પંચમહાલ દ્વારા સરપંચના અનામત હોદ્દાની રોટેશન પ્રમાણે ફાળવણી કરીને જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જીલ્લાની ૫૦૧ ગ્રામ પંચાયતોના સરપંચોની રોટેશન પ્રમાણેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આગામી સમયમાં જે ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થવાની હોવા અને ચુંટણી યોજાવાની હતી. તેવી ગ્રામ પંચાયતોમાં સરપંચ બનવાના અભરખા ધરાવતા લોકોની ઈચ્છાઓ ઉપર પાણી વળ્યું છે. રોટેશન મુજબ સરપંચ ઉમેદવારની અનામત જગ્યાઓના જાહેરનામા સાથો અમુક વ્યકિતઓમાં નારાજગી પણ જોવા મળી છે.

પંચમહાલ જીલ્લાની કુલ ૫૦૧ ગ્રામ પંચાયતો ધરાવે છે. આ ગ્રામ પંચાયતો પૈકીની ૩૯૦ જેટલી ગ્રામ પંચાયતોની મુદ્દત ટુંક સમયમાં પુરી થઈ રહી છે. ત્યારે આગામી ડીસેમ્બર મહિનામાં યોજાનાર ગ્રામ પંચાયતોની ચુંટણીને લઈ સરપંચની કુલ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ (અનુસૂચિત જાતિ સ્ત્રી સહિત), અનુસૂચિત આદિજાતિ (અનુસૂચિત આદિજાતિ સ્ત્રી સહિત), સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી સહિત) તથા સામાન્ય વર્ગ સ્ત્રી તથા બિન અનામત સામાન્ય બેઠકો અંગેની જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પંચમહાલ જીલ્લાની ૩૯૦ ગ્રામ પંચાયતોમાં મુદ્દત પુરી થતાં આગામી સમયમાં ચુંટણીને આખરી ઓપ આપવામાં વહીવટી તંત્ર સજજ બન્યું છે. જીલ્લાની ૫૦૧ ગ્રામ પંચાયતોમાં રોટેશન પ્રમાણે સરપંચ પદ માટે અનામત પ્રકારની ફાળવણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ત્યારે આગામી સમયમાં જે ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થઈ રહી છે. તેથી ૩૯૦ ગ્રામ પંચાયતોમાં ચુંટણી લડવાની ઈચ્છુક ઉમેદવારોની ઈચ્છાઓ ઉપર રોટેશન સાથેના જાહેરનામા થી પાણી ફરી વળ્યું છે. જયારે કેટલાક સમાજને રોટેશન મુજબ સરપંચ પદ માટે રોટેશનમાં જાહેરનામામાં સમાવિષ્ટ થતાં ખુશી જોવા મળી છે. જીલ્લાની ૩૯૦ ગ્રામ પંચાયતોની સરપંચની મુદ્દત પુરી થઈ રહી છે. તેવી ગ્રામ પંચાયતોમાં સરપંચ બનવાના અભરખા સાથે છેલ્લા એક વર્ષથી ગ્રામ વિસ્તારના પ્રજાલક્ષી કામો કરીને સરપંચ પદ મેળવવા મહેનત કરી રહ્યા હતા. તેવી ગ્રામ પંચાયતોમાં સામાન્ય સીટ માંથી અનામાત સીટ ફાળવણી કરતાં અને સરપંચ પદના ઉમેદવારોના સપનાઓ ઉપર પાણી ફરી વળ્યું છે. એવા ઈચ્છુક ઉમેદવારો રોટેશન જાહેરનામું પ્રસિદ્ધ થતા સીટ બદલાઈ હોય તેવા ગ્રામ પંચાયતોમાં અનામત, સ્ત્રી અનામત બેઠકો ઉપર સરપંચ ઉમેદવારોની પસંદગી કરવામાં વ્યસ્ત બન્યા છે.

મોરવા(હ) તાલુકાની ૫૦ ગ્રામ પંચાયતો પૈકી ૪૧ ગ્રામ પંચાયતોની મુદ્દત આગામી સમયમાં પુરી થઈ રહી છે. ત્યારે મુદ્દત પુરી થતી હોય તેવી ગ્રામ પંચાયતોની ચુંટણી પહેલા રોટેશન મુજબ સરપંચ પદના ઉમેદવારોની જાહેરાત કરતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામું પ્રસિદ્ધ થતા છેલ્લા પાંચ વર્ષથી આગામી ચુંટણીમાં સરપંચ બનવાના અભરખા ધરાવતા હોય તેવા ઉમેદવારોની રોટેશનમાં બેઠકો અનામત, સામાજીક સ્ત્રી, અનુસૂચિત જાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી થતાં આવા ઉમેદવારીની ઈચ્છાઓ ઉપર પાણી ફરી વળ્યું છે. ત્યારે રોટેશન મુજબ યોજાનાર ચુંટણીમાં સરપંચના ઉમેદવારો કોને ઉભા રાખવા તે દિશામાં કામગીરી શરૂ કરી છે.

### જીલ્લાની ૫૦૧ ગ્રામ પંચાયતો પૈકી ૩૯૦ ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થતાં સંભવિત ડિસેમ્બરમાં ચુંટણી યોજવાની તૈયારીઓ શરૂ કરાઈ

ગોધરા તાલુકાની કુલ ૧૦૫ ગ્રામ પંચાયતો પૈકી ૭૩ ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થતી હોય તેવી ગ્રામ પંચાયતોમાં સરપંચ પદ માટે રોટેશન મુજબ અનામત, સામાન્ય સ્ત્રી, બિન અનામત બેઠકોની જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થઈ રહી છે. તેવી પંચાયતોમાં રોટેશન મુજબ સરપંચ પદની બેઠક બદલાતા સરપંચ બનવાના અભરખા ધરાવતા ઉમેદવારોની ઈચ્છાઓ મનમાં રહી જવા પામી છે.

હાલોલ તાલુકાની ૮૫ ગ્રામ પંચાયતો પૈકીની ૭૩ ગ્રા પંચાયતોની અગામી સમયમાં મુદ્દત પુરી થનાર છે અને આવી ગ્રામ પંચાયતોમાં સંભવિત ડીસેમ્બર મહિનામાં ચુંટણીઓ યોજાવાની હોય તેની તૈયારીઓને વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવ્યો છે. હાલોલ તાલુકાની ૮૫ ગ્રામ પંચાયતોમાં રોટેશન મુજબ સરપંચ ઉમેદવારોની બેઠકની જાહેરાત કરતું જાહેરનામું પ્રસિદ્ધ જીલ્લા ચુંટણી અધિકારી દ્વારા કરવામાં આવતાં કહી ખુશી કહી ગમ જેવી સ્થિતી જોવા મળી.

### શહેરા તાલુકાની ૮૨ ગ્રામ પંચાયતો પૈકી ૬૩ ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થતાં ચુંટણી યોજાશે

શહેરા તાલુકાની કુલ ૮૨ ગ્રામ પંચાયતો પૈકી ૬૩ ગ્રામ પંચાયતોની મુદ્દત આગામી સમયમાં પુરી થઈ રહી છે. જે ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થતી હોય અને સંભવિત ડિસેમ્બર માસમાં ચુંટણી યોજાવાની હોય તેવી ગ્રામ પંચાયતમાં રોટેશન મુજબ અનામત બેઠકો, સ્ત્રી સામાન્ય, બિનઅનામત બેઠકો અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. શહેરા તાલુકાની ૮૨ ગ્રામ પંચાયતોમાં રોટેશન મુજબ સરપંચ પદ માટેની બેઠકોની જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ત્યારે શહેરાની ૬૩ ગ્રામ પંચાયતોમાં રોટેશન મુજબ સરપંચ ઉમેદવારોની જાહેરાત સાથે જ છેલ્લા પાંચ વર્ષ થી ગામના સરપંચ બનવાની ઈચ્છાઓ મનમાં રાખીને બેઠેલા ઉમેદાવારોની ઈચ્છાઓ ઉપર પાણી ફરી વળ્યું છે. રોટેશન મુજબ સરપંચપદની જાહેરાત સાથે ખુશી કયાંક ગુમ જોવા મળ્યો છે.

### કાલોલ તાલુકાની ૪૭ ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થતાં આગામી સમયમાં રોટેશન મુજબ ચુંટણી યોજાશે

કાલોલ તાલુકા પંચાયતની ૬૫ ગ્રામ પંચાયતો પૈકી ૪૭ ગ્રામ પંચાયતોની આગામી સમયમાં મુદ્દત પુરી થઈ રહી છે. તેવી ગ્રામ પંચાયતોમાં સંભવિત ડીસેમ્બર મહિનામાં ચુંટણી યોજનાર હોય તે પહેલા ચુંટણી અધિકારી જીલ્લા કલેકટર દ્વારા સરપંચ પદ માટે રોટેશન મુજબ અનામત બેઠકો અને સામાન્ય સ્ત્રી, બિનઅનામત બેઠકોની જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. ત્યારે જે ગ્રામ પંચાયતોની મુદ્દત પુરી થતી હોય તેવી પંચાયતોમાં સરપંચ બનવાના અભરખા ધરાવતા ઉમેદવારોના રોટેશન મુજબ સરપંચ બેઠકોની જાહેરાત થતાં સરપંચ બનવાની ઈચ્છાઓ મનમાં રહી જતાં દુઃખી થયા છે. જ્યારે બીજી તરફ અમુક પંચાયતોમાં અનામત સરપંચ બેઠક બનતા આનંદ જોવા મળ્યો છે. આમ, કાલોલ તાલુકાની ૬૫ બેઠકોના સરપંચ ઉમેદવારની રોટેશન મુજબ જાહેરાત થતાં મિશ્રપ્રતિસાદ જોવા મળ્યા છે.

### પંચમહાલ જીલ્લાની ૫૦૧ ગ્રામ પંચાયતોના સરપંચ પદ માટે રોટેશન મુજબ અનામત બેઠકોની જાહેરાત કરાઈ

| કુલ બેઠકો | તાલુકા | અનુસુચિત જાતિ | | અનુસૂચિત આદિજાતિ | | સા.અને શૈ.રીતે પછાત | | સામન્ય સ્ત્રી | બિનઅનામત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | સ્ત્રી | સામાન્ય | | સામાન્ય |
| ૧૦૫ | ગોધરા | ૨ | ૩ | ૯ | ૯ | ૫ | ૬ | ૩૬ | ૩૫ |
| ૮૫ | હાલોલ | ૧ | ૧ | ૧૫ | ૧૫ | ૫ | ૪ | ૨૨ | ૨૨ |
| ૬૫ | કાલોલ | ૨ | ૨ | ૪ | ૪ | ૩ | ૪ | ૨૩ | ૨૩ |
| ૫૦ | મોરવા(હ) | ૦ | ૧ | ૧૦ | ૯ | ૩ | ૨ | ૧૨ | ૧૩ |
| ૮૮ | ઘોઘંબા | ૧ | ૧ | ૨૬ | ૨૭ | ૫ | ૪ | ૧૨ | ૧૨ |
| ૮૨ | શહેરા | ૨ | ૧ | ૭ | ૭ | ૪ | ૪ | ૨૮ | ૨૯ |
| ૨૬ | જાંબુઘોડા | ૦ | ૦ | ૪ | ૫ | ૨ | ૧ | ૭ | ૭ |

## શહેરાના પાદરડી ગામમાં વીજળી ગુલ થઈ જતા વિજ ઉપભોક્તા હેરાન પરેશાન

- સ્થાનિક ગામના ૪૫ % વીજ ઉપભોક્તાઓ ને ચાર વર્ષથી ૬૬ કેવી સબ સ્ટેશનમાંથી વીજ પુરવઠો મળી રહયો નથી.
- સ્થાનિક ગામના લુહાર ફળિયા, પટેલ ફળીયુ, ટેકરા ફળિયુ, સરદાનગર ફળિયા, ડામોર ફળિયાને સુરેલી ફીડર માંથી વીજ પૂરવઠો મળે છે.
- એમ.જી.વી.સી.એલ.ની વડી કચેરીએ પણ આ બાબતને બહુજ ગંભીરતા થી લઈને તપાસ કરીને દાખલા રૂપ કાર્યવાહી સ્થાનિક કચેરીના અધિકારી સહિતના સ્ટાફ સામે કરવામાં આવે તેવી માંગ ઉઠી.
- આ ગામના જાગૃત નાગરીક અને એમ.જી.વી.સી.એલ કચેરીના નિવૃત લાઈન ઈન્સ્પેક્ટર બળવંતસિંહ રામસિંહ બારીયા દ્વારા આ મામલે મૌખિક રજૂઆત અનેક વખત કરાઈ.

શહેરા, શહેરાના પાદરડી ગામના લુહાર ફળિયા, પટેલ ફળિયા સહિત બીજા ત્રણ ફળિયામાં છાશવારે વીજળી ગુલ થઈ જતા વિજ ઉપભોક્તા હેરાન પરેશાન છે. લુહાર ફળિયા સહિત અન્ય ચાર ફળિયાઓ ને ચાર વર્ષથી ગામમાં ૬૬ કેવી સબ સ્ટેશન હોવા છતાં એમ.જી.વી.સી.એલ. કચેરી દ્વારા અહીથી વીજ પુરવઠો આપવામાં આવી રહયો નહીં હોવાથી સ્થાનિક ગામના ૮૦થી વધુ વીજ ઉપભોક્તાઓનો આક્રોશ આ સામે જોવા મળી રહયો હતો. વીજ કચેરીના નિવૃત લાઈન ઈન્સ્પેક્ટર દ્વારા આ બાબતે અનેક મૌખીક રજૂઆત કરવા છતાં તંત્રના અધિકારીઓનું પેટનું પાણી પણ હલતું નથી. સુરેલી ફીડર છાશવારે ખોટ ખાતા વીજ કચેરીની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહયા છે.

શહેરા તાલુકાના ત્રીજા નંબરનું વસ્તી ધરાવતું ગામ પાદરડી ગામ છે. આ ગામમાં એમ.જી.વી.સી.એલ કચેરી દ્વારા વર્ષ ૨૦૧૭માં ૬૬ કેવી સબ સ્ટેશન શરૂ કરવામાં આવ્યું હતું. અહી આવેલા ૬૬ કેવી સબ સ્ટેશન માંથી ચલાલી, ધમાઈ સહિત આજુબાજુના નજીકના ગામોને વીજ પુરવઠો પૂરો પાડવામાંઆવી રહયો છે. જ્યારે આ સ્થાનિક ગામના લુહાર ફળિયા, પટેલ ફળીયુ, ટેકરા ફળિયુ, સરદાનગર ફળિયું સહિત અન્ય ફળિયાને ૬૬કેવી સબ સ્ટેશનનો વીજ પુરવઠો એમ.જી.વી.સી.એલ. કચેરી દ્વારા આપવાની જગ્યાએ સુરેલી ફીડર માંથી આપવામાં આવતો હોવાથી છાશવારે વીજ સમસ્યા સર્જાતી હોય છે. જેને લઈને આ ગામના જાગૃત નાગરીક અને એમ.જી.વી.સી.એલ કચેરીના નિવૃત લાઈન ઈન્સ્પેકટર બળવંતસિંહ રામસિંહ બારીયા દ્વારા પોતાના ગામમાં આવેલ ૬૬કેવી સબ સ્ટેશનનો વીજ પુરવઠો લુહાર ફળિયા સહિત ગામના અન્ય ફળિયાના વીજ ઉપભોક્તાઓને મળે તે માટે મૌખિક રજૂઆતો પાછલા ઘણા સમયથી કરવા છતાં એમ.જી.વી.સી.એલ કચેરીના અધિકારીઓ દ્વારા આ બાબતને કોઈ ગંભીરતાથી લેવામાં આવી નથી. પાદરડી ગામના પાંચ ફળીયાઓ ને વીજ કચેરી દ્વારા જાણીજોઈને કે પછી ઊંચી પહોંચ ધરાવતા વ્યક્તિના કહેવાથી સ્થાનિક ગામના સબ સ્ટેશનમાંથી વીજ પુરવઠો પૂરો પાડવામા વિલંબ કરવામાં આવી રહયો છે કે શું? આજુબાજુના ગામોને આ સબ સ્ટેશન માંથી વીજ પુરવઠો મળતો હોય જ્યારે સ્થાનિક ગામના ૪૫ % વીજ ઉપભોક્તાઓને ચાર વર્ષથી ૬૬ કેવી સબ સ્ટેશન માંથી વીજ પુરવઠો મળી રહયો નથી. ત્યારે વીજ કચેરી સામે આ મામલે અનેક સવાલો ઉઠવા સાથે એમ.જી.વી.સી.એલ.ની વડી કચેરીએ પણ આ બાબતને બહુજ ગંભીરતા થી લઈને તપાસ કરીને દાખલા રૂપ કાર્યવાહી સ્થાનિક કચેરીના અધિકારી સહિતના સ્ટાફ સામે કરવામાં આવે તે જરૂરી છે. લુહાર ફળિયા,પટેલ ફળીયું સહિત અન્ય ફળિયાને સ્થાનિક ગામમાં આવેલ ૬૬ કેવી સબ સ્ટેશન માંથી વીજ પુરવઠો પૂરો પાડીને આનો લાભ વહેલી તકે મળે તે માટેની કામગીરી કરવા જિલ્લાની વીજ કચેરી દ્વારા આદેશ કરવામાં આવે તેવી માંગ પણ વીજ ઉપભોક્તાઓ કરી રહયા છે.

## ગોધરા શહેરના ગણેશ મંડળોને પડતી મુશ્કેલીને હિંદુ રક્ષા મંચ અને એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા દ્વારા રજુઆત કરવામાં આવી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગુજરાત સરકાર દ્વારા કોવીડ-૧૯ ની માર્ગદર્શિકા બહાર પાડવા માં આવી છે. જેમાં મૂર્તિ ૪ ફૂટ સુધી ની રાખવી, ડીજે નહિ વગાડવું, કુંડાળા પાડવા, વધુ ભક્તો ભેગા નહિ કરવાના, વિસર્જન યાત્રામાં ૧૫ ભક્તો જ જોડાય વિગેરે, આ તમામ ગાઈડ લાઈનને તમામ મંડળો એ અનુસરવા જણાવ્યું હતું.

ત્યાર બાદ મંડળો ગણેશજીના મંડપ, પંડાલ બાધી રહ્યા હતા. ત્યાં જઈ પોલીસ કર્મીઓ મંડપ નાનો કરો, મંડપ છોડી નાખો વગેરે વાત કહેતા ગણેશ મંડળોમાં નારાજગી ફેલાઈ હતી. જેથી વર્ષો થી ગણેશ મંડળો ને સાથ સહકાર આપતા આશિત ભટ્ટ ને મંડળો એ રજૂઆત કરતા તમામ ગણેશ મંડળોને સાથે રાખી એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા અને હિન્દુ રક્ષા મંચ દ્વારા જિલ્લાકલેકટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને રજુઆત કરવામાં આવી હતી.

આશિત ભટ્ટ, દીપેશ ઠાકોર, નિર્મિત દેસાઈ રજુઆત અને માંગણી કરી હતી કે, હાલ ગુજરતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. સંવેદનશીલ મુખ્યંત્રી વિજયભાઈ રૂપાણી છે છતાં હિન્દુ તહેવારો ઉજવાય નહીં તે કમનસીબી કહેવાય, અમારા મંડળો વર્ષો થી જયાં ગણેશજીની સ્થાપના કરે છે. ત્યાં મંડપ બાધવા દેવામાં આવે, ડીજેની જગ્યાએ નાની સાઉન્ડ સિસ્ટમ મૂકવા દેવામાં આવે, ડીજે વગર પરંપરાગત રૂટ પર ગણેશજીની વિર્સજન યાત્રા કાઢવા દેવામાં આવે કેમ કે ગણેશ ભક્તો ખુબ આસ્થા, શ્રદ્ધા, ભક્તિ પૂર્વક ગણેશ મહોત્સવ ઉજવાય છે અને સરકારની ગાઈડ લાઈન મુજબ બધા મંડળો ને અમે મનાવી ઉત્સવ ઉજવવા તૈયારી બતાવી છે. ત્યારે પ્રશાસને, સરકારે પણ ગણેશ ભક્તોની શ્રદ્ધા આસ્થાની કદર કરવી જોઈએ.

ત્યારે જિલ્લા પોલીસ અધિક્ષક એ વિર્સજન યાત્રા સિવાયની માંગણી સ્વીકારી છે. વિસર્જયાત્રા માટે હવે અને સંઘ, ભાજપ ના શીર્ષસ્થ પદાધિકારી ઓ ને મળી અમારી માગણી કરીશું તેમ જણાવ્યું હતું.

આજે પ્રથમ લાલબાગ મંદિરે ગણેશ મંડળોની બેઠક મળી હતી. જેમાં મોટી સંખ્યામાં ગણેશ ભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં અને બેઠક પૂરી કરી કલેકટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને મળવા ગયા હતા.

### ગોધરા તાલુકાના ગઢ, પરવડી અને વણાંકપુર ગામે એકતા એજયુકેશન સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા, શિક્ષક દિન નિમિત્તે જિલ્લાની પ્રતિષ્ઠિત સેવાભાવી સંસ્થા એકતા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગોધરા દ્વારા ગોધરા તાલુકાના ગઢ પરવડી અને વણાંકપુર ગામ ની સરકારી શાળા મુકામે બે વર્ષના લાંબા કોરોનાકાળ અને લોકડાઉન પછી શાળાઓ ખુલતા અને શિક્ષક દિનનું પર્વ હોય વિદ્યાર્થીઓનું મનોબળ વધારવાના ઉદ્દેશ્ય થી સ્વાગત કરવામાં આવ્યું તથા તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ રૂપે ડ્રોઈંગબુક, પેન્સિલ, રબર, પેન, સંચો, ફૂટપટ્ટી અને સ્કેચપેન સેટ ની કીટ ભેટ આપવામાં આવી હતી. સંસ્થા વતી ડો.કંકોડી દ્વારા પ્રિન્સિપાલ ને સાલ ઓઢાઢી સન્માન કરવામાં આવ્યું અને શિક્ષક મિત્રોને પણ યાદગીરી ભેટ કરી હતી. વિદ્યાર્થીઓને કોરોના ગાઈડલાઈન ને અનુલક્ષીને સમજ આપવામાં આવી હતી.

### ઘોઘંબાના વૈજનાથ મહાદેવ મંદિર શ્રાવણના છેલ્લા સોમવારે ઘી ના કમળમાં શિવજીના દર્શન કરી ભકતો ભાવવિભોર બન્યા

ઘોઘંબા, ઘોઘંબા વૈજનાથ મહાદેવ મંદિરે શ્રાવણના છેલ્લા સોમવારે ઘી ના કમળમાં શીવજીના દર્શન અને હોમાત્મક લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘોઘંબા તાલુકામાં આવેલું પૌરાણિક શીવ મંદિર જે સમગ્ર ભારત વર્ષમાં આવેલા અન્ય શિવજીના મંદિરો કરતાં ખુબજ અલગ અને અલૌકીક મંદિર છે. જેમાં દર વર્ષની જેમ જ આજરોજ ભક્તોના દર્શન માટે અહીંના પૂજારી દ્વારા શુદ્ધ ઘી માંથી કમળ અને શિવજીની પ્રતિમા બનાવવામાં આવી હતી અને અહીં રાજપૂત સમાજ દ્વારા હોમાત્મક લઘુરૂદ્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘોઘંબાના રાજપૂત પરિવારના સભ્યો તથા રાજગઢ પો. સ્ટેશનના પી .એસ.આઈ. આર.આર. ગોહીલ પણ પોતાના પરિવાર સાથે યજ્ઞમાં જોડાયા હતા અને વૈદિક વિધિ પ્રમાણે યજ્ઞમાં આહુતિ આપી ભગવાન ભોળાનાથ પ્રત્યેની પોતાની ભક્તિ અર્પણ કરી હતી. આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે ઉમટી પડ્યા હતા. પૂજારી દ્વારા સમગ્ર મંદિરના ગર્ભગૃહ સહિતના ભાગમાં ગુલાબના પુષ્પો વડે સુંદર શુશોભન કરવામાં આવ્યું હતું. જે મંદિરની શોભામાં ચાર ચાંદ લગાવી રહ્યા હોય તેમ લાગતું હતું અને ભક્તો ખુબજ શ્રદ્ધા પૂર્વક દર્શન કરી ધન્યતાનો અનુભવ કરતાં નજરે પડ્યા હતા.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

## પંચમહાલ જીલ્લામાં શ્રાવણના છેલ્લા સોમવારે શિવાલયોમાં ભકતો શિવ પૂજામાં લીન બન્યા


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શ્રાવણ માસના છેલ્લા સોમવારે શહેરા સહિત સમગ્ર જિલ્લાના શિવાલયો હર હર મહાદેવના ના નાંદ થી ગુંજી ઉઠ્યા હતા મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે સવારથી શિવ ભક્તો પૂજા અર્ચના કરવા માટે આવ્યા હતા. અને કોંગ્રેસ અગ્રણી અને કાર્યકરો દ્વારા કોરોનાની ત્રીજી લહેર આવે નહિ તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. શહેરાના મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના છેલ્લા સોમવારે મોટી સંખ્યામાં મહાદેવ ભક્તો દર્શનાર્થે આવ્યા હતા. અહીં આવતા ભક્તો એ દેવાધિદેવ મરડેશ્વર મહાદેવ ને બીલીપત્ર, જળ, દુધાઅભિષેક, કાળા તલ, કમળ સહિત સુગંધિત પુષ્પો ચઢાવીને પૂજા અર્ચના કરીને ધન્ય થયા હતા. જ્યારે કોંગ્રેસ અગ્રણી દુષ્યંત સિંહ ચૌહાણ, વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી તેમજ રાષ્ટ્રીય દેવીપુત્ર સેનાના ઉપાધ્યક્ષ જોગીરાજ ગઢવી, અજિતસિંહ ભટ્ટી , લાલાભાઈ ગઢવી સહિતનાઓ એ કોરોનાની ત્રીજી લહેરાવે આવે નહી અને કોરોના માંથી દેશને મુક્તિ મળે તેમજ ખેડૂતોને ખેતી પાકમાં નુકશાન જાય નહી તે માટે મહાદેવને પ્રાર્થના કરી હતી. શ્રાવણ માસનો અંતિમ સોમવાર હોવાથી મદિરનું પરીસર હર હર મહાદેવના નાંદ થી ગુંજી ઉઠ્યુ હતું. અહી આવતા શિવભક્તોએ આઠ ફૂટ પહોળા અને લંબાઈ ધરાવતા શિવલિંગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મરડેશ્વર મહાદેવ સહિત નગર અને તાલુકામાં આવેલ શિવાલયો હર હર મહાદેવ અને ઓમ નમઃ શિવાયના નાંદ થી દિવસ દરમિયાન ગુંજતું રહ્યું હતું.